Tuesday, 04 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ



જો તમે વિકાસ ઈચ્છો છો તો દેશમાં શાંતિની સ્થિતિ લાવવી આવશ્યક છે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૧ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ છઠ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD

## ઈલેક્ટોરલ રોલ ઓબ્ઝર્વર ઓંકાર ગોપાલ મરાઠે એસ.આઈ.આર.-૨૦૨૬ સાથે સંકળાયેલ કામની બાબતમાં બુધવારે દમણ જિ.પં.ના સભાખંડમાં બેઠક યોજશે

### દમણ જિલ્લાના તમામ માન્ય રાજકીય પક્ષોને તથા એસ.આઈ.આર. સંબંધિત ગૂંચવણોના ઉકેલ માટે નાગરિકોને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૩
કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા જારી ઓર્ડર નંબર ૦૪-૨૦૧૫/ડીએમએન/ઈલેક્શન/રોલ ઓબ્સ/૨૦૧૫/૨૪૫ તારીખ ૦૮/૦૬/૨૦૨૬ના મુજબ જેમાં આઈ.એ.એસ. અધિકારી શ્રી ઓંકાર ગોપાલ મરાઠે, સેક્રેટરી (એએચવીએસ)ને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવીઝન(એસ.આઈ.આર.)-૨૦૨૬ સાથે સંકળાયેલ કામની બાબતમાં ઈલેક્ટોરલ રોલ ઓબ્ઝર્વર નિયુક્ત કરવામાં આવ્યા છે.

એએચવીએસ સેક્રેટરી શ્રી ઓંકાર ગોપાલ મરાઠે ઈલેક્ટોરલ રોલ ઓબ્ઝર્વર માન્યતા પ્રાપ્ત રાજકીય પાર્ટીઓના પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે અને સામાન્ય લોકોની સાથે વાતચીત કરશે.

તેઓ બુધવાર તા.૫ ઓગસ્ટના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે મોટી દમણ જિલ્લા પંચાયતના સભાખંડમાં દમણ જિલ્લાની માન્યતા પ્રાપ્ત તમામ રાજકીય પાર્ટીઓ સાથે બેઠક કરશે. ત્યારબાદ બપોરે ૧:૦૦ વાગ્યે સામાન્ય બેઠક કરશે.

દમણ જિલ્લાના તમામ માન્ય રાજકીય પક્ષોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના અધિકૃત પ્રતિનિધિઓને બેઠકમાં હાજરી આપવા અને ચાલુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) - ૨૦૨૬ સંબંધિત તેમના મંતવ્યો, સૂચનો અને મુદ્દાઓ, જો કોઈ હોય તો, શેર કરવા માટે નિયુક્ત કરે. તમામ સામાન્ય જનતાને પણ આ બેઠકમાં હાજરી આપવા અને ચાલુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) - ૨૦૨૬ સંબંધિત તેમના સૂચનો, રજૂઆતો અથવા ફરિયાદો, જો કોઈ હોય તો, સબમિટ કરવા આમંત્રણ આપવામાં આવે છે.

## સુપ્રીમ કોર્ટની સ્પષ્ટતા

## ગંભીર ગુનાઓના આરોપીઓને રાહત નહીં, અન્ય કેસોમાં રાજ્યો કાર્યવાહી અંગે નિર્ણય લઈ શકશે

**સામાન્ય આરોપો અથવા વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત હળવા ગુનાઓના કેસોમાં દરેક મામલાની પરિસ્થિતિને આધારે નિર્ણય લેવામાં આવી શકે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૦૩
વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલા ગુનાઓ સંબંધિત અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના અગાઉના આદેશમાં મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે ગંભીર અને જઘન્ય ગુનાઓના આરોપીઓને કોઈ રાહત આપવામાં આવશે નહીં, જ્યારે અન્ય કેસોમાં રાજ્ય સરકારો કાયદા મુજબ કાર્યવાહી ચાલુ રાખવા કે પાછી ખેંચવાનો નિર્ણય લેવા માટે સ્વતંત્ર રહેશે.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે અગાઉના આદેશમાં ઉપયોગમાં લેવાયેલો ''ગુનાહિત પૃષ્ઠભૂમિ'' શબ્દપ્રયોગ માત્ર હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના આરોપીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો. સામાન્ય આરોપો અથવા વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત હળવા ગુનાઓના કેસોમાં દરેક મામલાની પરિસ્થિતિને આધારે નિર્ણય લેવામાં આવી શકે છે.

સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલે જણાવ્યું કે ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે નોંધાયેલા કેસો પાછા ખેંચવામાં આવશે નહીં.

તેમણે કોર્ટને જણાવ્યું કે આવા આરોપીઓની અલગ યાદી તૈયાર કરવામાં આવી છે અને સરકાર અગાઉ આપેલા વચન મુજબ કાર્યવાહી કરી રહી છે. સુનાવણી દરમિયાન અરજદારો તરફથી વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી, બળપ્રયોગ, દેખરેખની પદ્ધતિ અને અન્ય મુદ્દાઓ અંગે પણ અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કેટલાક વકીલોએ પોલીસની કાર્યવાહી અંગે સ્વતંત્ર તપાસની માંગ કરી હતી તેમજ સંબંધિત અધિકારીઓ પાસેથી સોગંદનામા માંગવાની પણ રજૂઆત કરી હતી.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારોને જરૂરી સોગંદનામા રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ કેટલાક મુદ્દાઓ, જેમાં પોલીસ કાર્યવાહી અને અન્ય વહીવટી નિર્ણયોનો પણ સમાવેશ થાય છે, તેના અંગે વિગતવાર જવાબ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે આ મામલાની આગામી સુનાવણી ૧૯ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. તે સમયે કોર્ટ કેન્દ્ર અને રાજ્યો દ્વારા લેવામાં આવેલા પગલાં, કેસો અંગેની સ્થિતિ તેમજ રજૂ કરાયેલા સોગંદનામાની સમીક્ષા કરશે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે ગંભીર ગુનાઓ અને સામાન્ય વિરોધ સંબંધિત કેસો વચ્ચે સ્પષ્ટ ભેદ રાખીને કાયદા મુજબ નિર્ણય લેવામાં આવશે.

### ''શ્રી ગુરુ રવિદાસ મહારાજ સંપ સંકલ્પ અભિયાન'' હેઠળ

## વારાણસીથી દાનહમાં લાવવામાં આવેલા પવિત્ર માટીના કળશનું ભાજપ દ્વારા કરાયું ભવ્ય સ્વાગત

### કળશયાત્રામાં ઉપસ્થિત ભાજપના તમામ કાર્યકરોએ સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના આદર્શોને અનુસરીને, સમાજમાં સંવાદિતા, સદ્‌ભાવના અને રાષ્ટ્રીય હિત માટે સતત કાર્ય કરવાની લીધેલી પ્રતિજ્ઞા





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૩
દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા રાષ્ટ્રવ્યાપી ''શ્રી ગુરુ રવિદાસ મહારાજ સંપ સંકલ્પ ઝુંબેશ'' અંતર્ગત આજે સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના પવિત્ર જન્મસ્થળ વારાણસી (ઉત્તર પ્રદેશ)થી લાવવામાં આવેલ પવિત્ર માટીના કળશનું પ્રદેશ ભાજપ કાર્યાલય, સેલવાસ ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે સ્વયં પોતાના માથા ઉપર કળશ ધારણ કરીને તેનું સમ્માનપૂર્વક સ્વાગત કર્યું હતું. દરમિયાન સમગ્ર વાતાવરણમાં ભક્તિ, શ્રદ્ધા, સમરસતા અને સામાજિક સદ્‌ભાવનું પ્રતિબિંબ પડ્યું હતું. આ પ્રસંગે ભાજપના પદાધિકારીઓ, જન પ્રતિનિધિઓ, વિવિધ મોરચાના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પવિત્ર કળશ સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના જન્મસ્થળ વારાણસીની પવિત્ર માટી લઈને સંઘપ્રદેશમાં પહોંચ્યા બાદ આગામી દિવસોમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવના વિવિધ જિલ્લાઓ અને વિભાગોમાં આ કળશ સાથે કળશયાત્રાઓનું આયોજન કરવામાં આવશે, જેના દ્વારા સંત રવિદાસ મહારાજની સમાનતા, સેવા, ભક્તિ, સામાજિક ન્યાય અને માનવતાનો સંદેશ દરેક વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવશે અને સામાજિક સમરસતાનો વ્યાપક સંદેશ આપવામાં આવશે.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, ''સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના પવિત્ર જન્મસ્થળ વારાણસીથી લાવવામાં આવેલ પવિત્ર માટીનો આ કળશ આપણા સૌ માટે શ્રદ્ધા, અને સંવાદિતાનું પ્રતીક છે. આ કળશ યાત્રા દ્વારા, ભારતીય જનતા પાર્ટી સંત રવિદાસ મહારાજના સમાનતા, સેવા અને સામાજિક સંવાદિતાના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનું કામ કરશે. આ અભિયાન સામાજિક એકતા અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવશે.''

દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે પણ જણાવ્યું હતું કે, ''સંત ગુરુ રવિદાસ મહારાજે તેમના જીવન દરમ્યાન માનવતા, સમાનતા અને ભાઈચારોનો ઉપદેશ આપ્યો. વારાણસીની આ પવિત્ર ભૂમિનું પ્રદેશમાં આગમન આપણા તમામ માટે ગર્વ અને સૌભાગ્યની વાત છે. કળશ યાત્રા દ્વારા તેમના આદર્શોને જનસાધારણ સુધી પહોંચાડવાથી સામાજિક સંવાદિતા વધુ મજબુત બનશે.''



કાર્યક્રમના અંતે, ઉપસ્થિત તમામ કાર્યકરોએ સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના આદર્શોને અનુસરીને, સમાજમાં સંવાદિતા, સદ્‌ભાવના અને રાષ્ટ્રીય હિત માટે સતત કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

કાર્યક્રમના અન્ય અગ્રણી ઉપસ્થિતોમાં ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી સુનિલ પાટીલ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ધર્મેશસિંહ ચૌહાણ, શ્રીમતી ભારતીબેન હળપતિ, પ્રદેશ ભાજપ મંત્રી શ્રી દ્વારિકા નાથ પાંડે, દાદરા નગર હવેલી જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રીમતી નિશાબેન ભવર, સેલવાસ નગરપાલિકા અધ્યક્ષ શ્રી સોમનાથ દેવરે, જિલ્લા ભાજપ સંયોજક શ્રી રોહિત પટેલ, કાર્યક્રમના અધ્યક્ષ શ્રી રામનાથ પટેલ, શ્રી શાંતુભાઈ પૂજારી, શ્રી દીપક પ્રધાન, યુવા ભાજપ મોરચાના પ્રમુખ ડો. અવધેશસિંહ ચૌહાણ સહિત તમામ જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચો અને કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યા હતા.

## સેલવાસની દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ બની યુવા નેતૃત્વનો સશક્ત મંચ કેરિયર કટ્ટા શપથ ગ્રહણ સમારોહ

### કોલેજના ૧૧૩ જેટલા વિદ્યાર્થીઓની સક્રિય અને ઉત્સાહપૂર્ણ સહભાગિતાથી યુવાઓમાં નેતૃત્વક્ષમતા, કેરિયર જાગૃતિ, સામાજીક ઉત્તરદાયિત્વ અને રાષ્ટ્રસેવા ભાવનાને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલની કરેલી પ્રસ્તુતિ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૩
સેલવાસની શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજમાં કરિયર કટ્ટા શપથ ગ્રહણ સમારોહ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧૩ વિદ્યાર્થીઓની સક્રિય અને ઉત્સાહપૂર્ણ સહભાગિતાથી આ કાર્યક્રમમાં યુવાઓમાં નેતૃત્વક્ષમતા, કેરિયર જાગૃતિ, સામાજીક ઉત્તરદાયિત્વ અને રાષ્ટ્રસેવા ભાવનાને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમનો શુભારંભ રાજ્ય સ્તરીય કરિયર કટ્ટા શપથ ગ્રહણ સમારોહના લાઈવ પ્રસારણથી થયેલ, વિદ્યાર્થીઓએ રાજ્યભરના યુવાઓ સાથે એક સ્વરમાં કરિયર કટ્ટા શપથ ગ્રહણ કરતા ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ નિર્માણ, નૈતિક નેતૃત્વ, સતત શીખવા અને રાષ્ટ્ર નિર્માણમા સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ લીધો. કેરિયર કટ્ટા કેબિનેટના ૧૧ સભ્યોમાં મુખ્યમંત્રી નૌજાતુલ સિદીકી, યોજના મંત્રી કનવી પ્રજાપતિ, વિધિ અને અનુશાસન મંત્રી દરકશા સિદીકી, સામાન્ય પ્રશાસન મંત્રી તિલકરતન તેજારામ, સુચના અને પ્રસારણ મંત્રી દિશા ધરાણીયા, ઉદ્યમિતા વિકાસ મંત્રી દિવ્યા વિશ્વકર્મા, રોજગાર અને સ્વરોજગાર મંત્રી જીયા લાડ, કૌશલ વિકાસ મંત્રી અભિષેક રામ, સંસદીય કાર્ય મંત્રી દેવેન્દ્ર રાજપૂત, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી સેજલ ચૌધરી અને સભ્ય ખુશી કટારીયાનો સમાવેશ થતો હતો.

કાર્યક્રમ અંતર્ગત ડૉ. ચેતન સેલોતકર સહાયક કમાન્ડન્ટ સીઆરપીએફ નવી દીલ્હીએ વિદ્યાર્થીઓને રક્ષા સેવાઓમાં ઉપલબ્ધ વિવિધ કેરિયર અવસરો પર વિસ્તૃત અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી ફત્તેહસિંહ ચૌહાણના માર્ગદર્શન અને પ્રેરણાદાયી નેતૃત્વમાં સંપન્ન થયો હતો.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને કેરિયર સશક્તિકરણ પ્રત્યે એમની અતૂટ પ્રતિબદ્ધતા સંસ્થાની પ્રત્યેક પહેલમાં સ્પષ્ટ રૂપે જોવા મળે છે. આ અવસરે ટ્રસ્ટના દરેક પદાધિકારી અને સભ્યોના સતત સહયોગ, પ્રોત્સાહન અને માર્ગદર્શનના પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## રોટરી કલબ ઓફ દાદરા નગર હવેલી દ્વારા વૃક્ષારોપણ કરાયું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૦૩:** દાદરા નગર હવેલીના મુક્તિ દિવસના અવસરે રોટરી ક્લબ ઓફ દાદરા નગર હવેલી અને સેવન નાઈન(૯) ડેવલપર્સ દ્વારા 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત દાદરાના વિવિધ સ્થાનોએ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે રોટરી ક્લબ ઓફ દાનહના પ્રેસિડેન્ટ દીપજ્યોત દાસ અને સેક્રેટરી સ્નેહા પાંચાલ સહિત અન્ય રોટેરીયનની ઉપસ્થિતિમાં ૫૦૦થી વધુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણની સાથે સાથે માતૃત્વના પ્રતિ સન્માન વ્યક્ત કરવાનો છે. પ્રેસિડેન્ટ દીપજ્યોત દાસે જણાવ્યું કે વૃક્ષારોપણ ફક્ત પર્યાવરણ સંરક્ષણનું જ માધ્યમ નથી, પરંતુ આવનાર પેઢીને સ્વચ્છ અને હરિત વાતાવરણ આપવાની જવાબદારી પણ છે.






## સુવિચાર - સદ્‌વિચાર

મહેનત ક્યારેય બેડી નથી, એ જ સફળતાની ચાવી છે,
હિંમત રાખો અને સતત પ્રયત્ન કરો.

## કવિતા

### દર્શન કરી લઉં છું

મનોરંજન કરી લઉં છું, મનોમંથન કરી લઉં છું,
પ્રસંગોપાત્ત જીવનમાં પરિવર્તન કરી લઉં છું.

સમજપૂર્વક સમષ્ટિનું સમાલોચન કરી લઉં છું,
જીવનને હું વલોવી આત્મસંશોધન કરી લઉં છું.

મનોબળથી મનોવૃત્તિ ઉપર શાસન કરી લઉં છું,
નયન નિર્મળ કરીને રૂપનું દર્શન કરી લઉં છું.

નિરંતર શ્વાસ પર જીવનનું અવલંબન નથી હોતું,
બહુધા હું હૃદયમાં એક આંદોલન કરી લઉં છું.

અમે પાગલ, અમારે ભેદ શો ચેતન-અચેતનમાં,
પ્રતિમા હો કે પડછાયો હું આલિંગન કરી લઉં છું.

સમય ક્યારે વિસામો ખાય છે 'અકબર'ના જીવનમાં?
વિસર્જન થાય છે નિત્, નિત્ નવું સર્જન કરી લઉં છું.

**- અકબરઅલી જસદણવાળા**

## આજની જોક

રમણીક : 'મારી પત્ની બજારમાં ગઈ છે, અને વરસાદ શરૂ થઈ ગયો છે.'
ગિરીશ : 'એમાં મૂંઝાય છે શું, કોઈ સ્ટોરમાં ઘુસી જશે.'
રમણીક : 'એ જ તકલીફ છે ને. એ રૂા.૧૦૦૦ લઈને નીકળી છે.

## કબીર વાણી



**પથ્થર પાની પુંજ કર, પચ પચ મુવા સંસાર;**
**ભેદ નિરાલા રહે ગયા, કોઈ બિરલા હુવા પાર.**

**-અર્થાત-**

પથ્થર અને પાણી પૂજી પૂજી, અને માત્ર એવા બાહેરના દેખાવો કરી, સંસારનાં સર્વે લોકો ડુબી મુવા છે; જ્યારે પરમાત્માનો ભેદ તો બીજોજ છે, જે વાત કોઈ વિરલો પુરૂષજ જાણે છે અને તે સમજી ખરો રસ્તો પકડી પાર થઈ જાય છે.

## આજનો દિન વિશેષ

### ઉધમ સિંહ (ફિલ્ડ હોકી)

ઉધમ સિંહ કુલાર (૪ ઓગસ્ટ ૧૯૨૮ - ૨૩ માર્ચ ૨૦૦૦) ભારતના પંજાબના જલંધરના સંસારપુરના રહેવાસી ભારતીય હોકી ખેલાડી હતા. તેમણે ૧૯૫૨ સમર ઓલિમ્પિક્સ હેલસિંકી, ૧૯૫૬ સમર ઓલિમ્પિક્સ મેલબોર્ન, ૧૯૬૦ સમર ઓલિમ્પિક્સ રોમ અને ૧૯૬૪ સમર ઓલિમ્પિક્સ ટોક્યોમાં રમ્યા હતા. તેઓ ચાર ઓલિમ્પિક મેડલ જીતનારા બે ભારતીય ખેલાડીઓમાંના એક હોવાનું ગૌરવ ધરાવે છે, બીજા લેસ્લી ક્લાઉડિયસ છે. તેમણે કુલ ૧૪ ઓલિમ્પિક મેચોમાં ૧૪ ગોલ કર્યા હતા. તેમણે વિક્ટર હાઈ સ્કૂલ અને DAV કોલેજ, જલંધરમાં અભ્યાસ કર્યો હતો. ઉધમનું કદ ૫ ફૂટ ૬ ઈંચ અને વજન માત્ર ૫૮ કિલો હોવા છતાં, તેની રમત પર ક્યારેય અસર પડી નહીં.



૧૯૪૭માં ઉધમને તેમની કોલેજ હોકી ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તે જ વર્ષે પંજાબ પોલીસ દ્વારા તેમની ભરતી કરવામાં આવી હતી, જે તે સમયે દેશની શ્રેષ્ઠ હોકી ટીમોમાંની એક હતી. ૧૮ વર્ષ સુધી તેઓ પંજાબ પોલીસ માટે રમ્યા હતા અને કાર્યકાળ દરમિયાન બે વખત ટીમનું નેતૃત્વ કર્યું હતું. ૧૯૫૪માં ઉધમને પંજાબ રાજ્ય હોકી ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૧૯૫૫માં વોર્સો પ્રવાસ અને ૧૯૫૯માં પૂર્વ આફ્રિકા ગયેલી ભારતીય હોકી ફેડરેશન ટીમના કેપ્ટન તરીકે તેમને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઉધમે ફ્રાન્સના લિયોન ખાતે યોજાયેલા વર્લ્ડ કપ હોકીમાં ભારતીય ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું.

ઉધમ સિંહે ભારતીય હોકી ટીમના કોચ તરીકે સેવા આપી હતી અને ૧૯૬૮માં મેક્સિકો ઓલિમ્પિકમાં ટીમને બ્રોન્ઝ મેડલ અને ૧૯૭૦માં બેંગકોક એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો. હોકીમાંથી નિવૃત્તિ લીધા પછી, તેઓ યુવા પુરુષ ટીમોને કોચિંગ આપવા તરફ વળ્યા હતા. ૧૯૬૫માં અર્જુન એવોર્ડ મળ્યો હતો.

## ઔષધિ

ચોમાસા માટે આહાર માર્ગદર્શિકા : આયુર્વેદમાં, સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચવા માટે વરસાદની ઋતુ દરમિયાન ચોક્કસ દિનચર્યા અને જીવનશૈલીનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. વરસાદની ઋતુમાં વાત અને પિત્તનું અસંતુલન થઈ શકે છે, જેના કારણે વિવિધ રોગો થઈ શકે છે.

ચોમાસા દરમિયાન આટલો આહાર લેવો જોઈએ : વ્યક્તિને ભૂખ ઓછી લાગવાની સમસ્યા થઈ શકે છે, તેથી ચોમાસાની ઋતુ દરમિયાન તેમના આહાર અને જીવનશૈલીમાં ફેરફાર કરવાની ભલામણ કરવામાં આવે છે. તમારા અગ્નિને સાચવવા માટે, જવના જૂના દાણા, ઘઉંના ચોખા અને આયુર્વેદમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ખોરાક જેવા કે લીલા ચણા (મૂંગ) સૂપ (યુષા)નો સમાવેશ કરીને હળવા અને તાજા તૈયાર કરેલા ખોરાકનું સેવન કરો. તમારા પાચનમાં સુધારો કરવા માટે, દરેક ભોજન પહેલાં આદુનો એક નાનો ટુકડો સિંધવ મીઠા સાથે ખાઓ. મરી, આદુ, હિંગ (હિંગ) અને હળદર જેવા મસાલાઓથી બનેલા શાકભાજીના ગરમ સૂપ છે રોગપ્રતિકારક શક્તિ માટે શ્રેષ્ઠ આયુર્વેદિક દવા. વર્ષાઋતુમાં વાત વધુ ખરાબ થતી હોવાથી, ખાટા, ખારા અને કઠોર ખોરાકને પ્રાધાન્ય આપવામાં આવે છે. ફક્ત ઉકાળેલું અને ઠંડુ કરેલું પાણી પીવો. તરસ લાગે ત્યારે જ પાણી પીવો, કારણ કે વધુ પડતું પાણી પીવાથી ચયાપચય ધીમો પડી શકે છે.ગરમ, તાજો તૈયાર કરેલો ખોરાક ખાઓ અને કાચા ખોરાક ટાળો. વાસી ખોરાક, પાંદડાવાળા શાકભાજી અથવા લાલ માંસ ખાવાનું ટાળો. જે દહીંને પચવામાં વધુ સમય લાગે છે તેને ટાળો, તેના બદલે દહીં (મસ્તુ)ના સુપરનેટન્ટ ભાગને કાળા મીઠા સાથે ભેળવીને પીવો અને રોગપ્રતિકારક શક્તિ માટે આયુર્વેદિક ઔષધિઓ-આદુ અને પીપળી.

# દાનહ અને દમણ-દીવ ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ દ્વારા ૭૩મા મુક્તિ દિવસની ઉજવણી કરાઈ

## સ્કાઉટ અને ગાઈડનો ગણવેશ પહેરવો એ ગર્વની વાત છે-ઉપપ્રમુખ સ્તુતિ ગર્ગ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૩**

દાનહ અને દમણ-દીવ ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ દ્વારા પ્રદેશના ૭૩માં મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દાદરા નગર હવેલી, દમણ-દીવ ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના ઉપપ્રમુખ શ્રીમતી સ્તુતિ ગર્ગ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિશેષ મહેમાનોમાં સંયુક્ત રાજ્ય સચિવ શ્રીમતી શર્મિષ્ઠા દેસાઈ અને ફેલોશિપ સભ્યો શ્રી રાહુલ શાહ અને શ્રી હર્ષિત રાવલનો સમાવેશ થતો હતો.રાજ્ય યુવા સમિતિ દ્વારા રાજ્ય મુખ્યાલય કમિશનર શ્રી અજય નાગોરાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૫૦ સ્કાઉટ્સ અને ગાઈડ્સે ભાગ લીધો હતો.આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, ઉત્કૃષ્ટ સેવા આપનારા ૧૦ સ્કાઉટ્સ અને ગાઈડ્સનું ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને બે સ્કાઉટ્સ અને ગાઈડ્સને તેમની ઉત્કૃષ્ટ અને સક્રિય ભૂમિકા બદલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્કાર્ફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ ફેલોશિપ દ્વારા તમામ સ્કાઉટ્સ અને ગાઈડ્સ માટે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દાનહ મુક્તિ દિવસ પર નશામુક્ત યુવા વિકસિત ભારત અભિયાન અંતર્ગત જનજાગરૂક્તા કાર્યક્રમનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૩**

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા દેશવ્યાપી નશામુક્ત યુવા વિકસિત ભારત અભિયાન અંતર્ગત દેશભરમાં દસ હજારથી વધુ સ્થાનો પર જનજાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદેશ્ય જાગરૂકતા, સ્વયંસેવા અને સામુદાયિક સહભાગિતાના માધ્યમથી યુવાઓને નશામુક્ત અને સશક્ત ભારતના નિર્માણ સાથે જોડવાનો છે.

દાનહ મુક્તિ દિવસાના અવસરે સમાજ કલ્યાણ વિભાગ દાનહ પ્રશાસન પીએમ શ્રી એકલવ્ય આદર્શ આવાસીય શાળા સેલ્ટી અને ચિલ્ડ્રન હોમ દપાડાના સંયુક્ત ઉપક્રમે નશામુક્ત યુવા વિકસિત ભારત અભિયાન વિવિધ જાગરૂકતા કાર્યક્રમ આયોજીત કરવામા આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન નશામુક્ત ભારત અભિયાનના જિલ્લા નોડલ અધિકારી ગૌરવ દમાનીયાના માર્ગદર્શન અને શાળાના આચાર્ય શ્રી રાકેશકુમાર અને ચિલ્ડ્રન હોમ દપાડાના અધિક્ષક શ્રી મનોજભાઈના સહયોગ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા જાગરૂકતા રેલી, પોસ્ટર નિર્માણ, ડ્રોઈંગ,ભાષાની હરીફાઈ અને સાંસ્કૃતિક પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માધ્યમથી વિદ્યાર્થીઓએ નશામુક્ત સમાજ અને વિકસિત ભારતનો સંદેશ આપ્યો હતો.







આ અવસરે ગૌરવ દમણિયાએ યુવાઓને નશાથી દુર રહી રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભૂમિકા નિભાવવા આહવાન કરેલ, શ્રી મનોજભાઈએ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને સકારાત્મક વિચાર સાથે સમાજમાં જાગરૂકતા ફેલાવવાનો સંદેશ આપ્યો હતો. શાળાના આચાર્ય શ્રી રાકેશકુમારે વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું કે નશો વ્યક્તિ, પરિવાર અને સમાજ ત્રણેના ભવિષ્યને પ્રભાવિત કરે છે. શિક્ષિત, સંસ્કારી અને નશામુક્ત યુવા જ વિકસિત ભારતની ઓળખ છે. આવો આપણે દરેક સ્વયં નશાથી દૂર રહી અને પોતાની આજુબાજુના લોકોને પણ નશામુક્ત જીવન અપનાવવા માટે પ્રેરિત કરીએ.

**નેશનલ વેક્ટર બોર્ન ડિજીજ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત**

# સરકારી શાળાના નોડલ શિક્ષકો માટે ટ્રેનિંગનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૩**

દાદરા નગર હવેલી નેશનલ વેક્ટર બોર્ન ડિજીજ કંટ્રોલ પ્રોગ્રામ વિભાગે શિક્ષણ વિભાગના સમન્વયથી પ્રદેશની સરકારી શાળાના નોડલ શિક્ષકો માટે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર ડૉ.ગણેશ વેર્નેકરે દાનહમાં વેક્ટર જનિત બીમારીઓ ખાસ કરીને મલેરિયા અને ડેન્ગ્યુની હાલની સ્થિતિ અંગે જાણકારી આપી અને વધુ જોખમવાળા વિસ્તાર અંગે જણાવ્યું, એમણે વેક્ટર બીમારી ફેલાવનાર જંતુને પનપનવાની આદત અને વ્યવહાર સાથે સાથે એને રોકવાની રીત જેવી કે ઈન્ટીગ્રેટેડ વેક્ટર મેનેજમેન્ટ અંગે પણ સમજાવ્યા હતા.

કન્સલ્ટન્ટ શ્રી વિશાલ દમલીયાએ શાળાઓ માટે જરૂરી પ્લાનિંગ અંગે જણાવેલ અને નોડલ શિક્ષકોની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. એમણે શાળા સ્તર પર કરવામાં આવતી અલગ અલગ ગતિવિધિઓ અંગે પણ વિસ્તારથી જણાવ્યું હતું. સ્ટેટ એપિડેમિયોલોજીસ્ટ ડૉ. નોવીન બિસ્વાસે પણ ઈન્ટીગ્રેટેડ વેક્ટર મેનેજમેન્ટ અને વેક્ટર જનિત બીમારીઓથી બચવાના ઉપાયો અંગે જાણકારી આપી.

મલેરિયા ઈન્સ્પેક્ટર શ્રી મગનભાઈ અને ફાઈલેરિયા ઈન્સ્પેક્ટર શ્રી કીર્તિભાઈ સાથે રીનાબેન, દક્ષા, ગૌરવ, કમલેશ અને ગુલાબે મચ્છરના લાર્વા, મચ્છરો અને ગેબુસીયા માછલીનો ઉપયોગ અંગે ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.

# વારી એનર્જીસની પ્રથમ ત્રિમાસિક ગાળાની આવક રૂા.૭,૯૩૧.૭૯ કરોડ નોંધાઈ

WAAREE®
One with the Sun

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૩**

વારી એનર્જીસની પ્રથમ ત્રિમાસિક ગાળાની આવક રૂા.૭,૯૩૧.૭૯ કરોડ નોંધાઈ, નાણાં વર્ષ ૨૦૨૭માં મજબૂત કામગીરી; 'વારી ૨.૦'ની સફળતાને પગલે આવકમાં વાર્ષિક ધોરણે ૭૯.૨૨%નો વધારો. કંપનીને રૂા.૧૬,૦૦૦ કરોડના નવા ઓર્ડર્સ મળવાને લીધે હવે કુલ ઓર્ડરબુક વધીને રૂા.૬૧,૫૦૦ કરોડ થઈ. આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ, EBITDA અને નફાકારકતા પણ મજબૂત રહી. Q1FY27માં ઓપરેટિંગ EBITDAમાં વાર્ષિક ધોરણે ૪૪.૩૮%નો વધારો થયો. Q1FY27માં PAT વાર્ષિક ધોરણે ૧૫.૩૯% વધ્યો.

પરિણામો અંગે બોલતાં વારી એનર્જીસ લિમિટેડના હોલ ટાઈમ ડિરેક્ટર અને સીઈઓ શ્રી જિગ્નેશ રાઠોડે જણાવ્યું હતું કે, 'વારી એનર્જીસે Q1FY27માં ફરી એકવાર ઓપરેશન્સ અને ફાઈનાન્સ એમ બંને ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી છે. અમારા મજબૂત બિઝનેસ મોડેલ, યોગ્ય પ્લાનિંગ અને કામ કરવાની પદ્ધતિ તેમજ દેશ-વિદેશના માર્કેટમાં રહેલી સતત ડિમાન્ડને કારણે આ શક્ય બન્યું છે. હાલની તારીખમાં અમારી પાસે લગભગ રૂા.૬૧,૫૦૦ કરોડનો ઓલ-ટાઈમ હાઈ ઓર્ડર બુક રેકોર્ડ છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન, અમે અમારા મેન્યુફેક્ચરિંગમાં વધારો કરવાની સાથે જ, ભારતમાં એડવાન્સ્ડ ઓટોમેટેડ BESS કન્ટેનર મેન્યુફેક્ચરિંગની શરૂઆત કરી અને 'એસોસિએટેડ પાવર સ્ટ્રક્ચર્સ'ના અધિગ્રહણ દ્વારા અમારી પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાઓને મજબૂત કરી છે.અમે યુરોપ, મિડલઈસ્ટ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં નવી બિઝનેસ તકો હાંસલ કરી અમારી આંતરરાષ્ટ્રીય હાજરીમાં પણ વધારો કર્યો છે, જે ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનર તરીકે વારીની વિશ્વસનીય સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

# સુરતમાં રસ્તાઓની બદહાલ સ્થિતિ જોઈ સ્થાનિકો તંગ

## દર વર્ષે ચોમાસા દરમિયાન આ જ પરિસ્થિતિ સર્જાય છે તેમ છતાંય તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૩**

સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂરના કહેર બાદ શહેરના રસ્તાઓની હાલત અતિશય બિસ્માર બની ગઈ છે, જેના કારણે સ્થાનિકો તેમજ વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

પર્વત પાટિયા, ડિંડોલી, કતારગામ, પુણા અને ડભોલી જેવા અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જે વાહનચાલકો માટે માથાનો દુખાવો બન્યા છે.

નવા બનેલા રસ્તાઓ પણ વરસાદમાં ધોવાઈ જતાં મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરીની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે. વાહનચાલકોનું કહેવું છે કે, આવા બિસ્માર રસ્તાઓ પરથી પસાર થવાથી વાહનોને નુકસાન થાય છે અને અકસ્માતનો ભય પણ રહે છે. સ્થાનિકો આરોપ લગાવી રહ્યા છે કે, મહાનગરપાલિકા અને કોન્ટ્રાક્ટરો દ્વારા રસ્તાના સમારકામ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

લોકોની ફરિયાદ છે કે, દર વર્ષે ચોમાસા દરમિયાન આ જ પરિસ્થિતિ સર્જાય છે. તેમ છતાંય તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

સુરત, જે સ્માર્ટ સિટી તરીકે ઓળખાય છે, ત્યાં ચોમાસામાં રસ્તાઓની આ દયનીય સ્થિતિ શહેરની છબીને ઝાંખી પાડે છે. હાલ રસ્તાઓનું સમારકામ થાય તેવી લોકોની માંગ છે.



# દીવમાં 'વણાંકબારા ફિશરમેન એસોસિએશન' વણાંકબારા દ્વારા બારાપૂજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૩**

દીવનાં વણાંકબારામાં વણાંકબારા ફિશરમેન એસોસિએશન, વણાંકબારા દ્વારા વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ને વર્ષ-૨૦૨૬ની માછીમારોની ફિશીંગ સિઝન શરૂ થવા પહેલાં દરિયા દેવ, ગામના અનેક મંદિરોમાં તેમજ શ્રી મહાકાલેશ્વર મહાદેવ મંદિર, વણાંકબારામાં શ્રદ્ધાપૂર્વક પૂજા, નૈવેદ્ય ધરી અને ધજા ચઢાવવામાં આવી. હતી.



આ પ્રસંગે માછીમારાનું આજીવિકાનું આ વર્ષ સારૂ જાય અને ગામમાં સૌને સારૂ સ્વાસ્થ્ય, સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે તેવી દરેક દેવી દેવતાઓને પ્રાર્થનાં કરવામાં આવી હતી.

**સુરતમાં સગર્ભા માતાના આરોગ્ય સાથે ચેડાં**

# માતૃશક્તિ યોજના હેઠળ એક્સપાયર્ડ કઠોળ વિતરણ




## સુરતના પાંડેસરામાં વિતરણ માટે આવેલો કઠોળનો જથ્થો એક્સપાયર્ડ અને વાપરવા માટે અયોગ્ય હોવાનું સામે આવ્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૩**

સુરતના પાંડેસરા વિસ્તારમાં માતૃશક્તિ યોજના હેઠળ વિતરણ માટે આવેલા કઠોળના જથ્થાને લઈને મોટો વિવાદ સર્જાયો છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને આપવામાં આવતો આ કઠોળનો જથ્થો એક્સપાયર્ડ અને વપરાશ માટે સંપૂર્ણપણે અયોગ્ય છે.

આ ઘટનાએ મહિલાઓના સ્વાસ્થ્યને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે અને સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક સ્થાનિક રાશન દુકાનદારના દાવા મુજબ, આ એક્સપાયર્ડ માલ સીધો સરકારી ગોડાઉનમાંથી જ પૂરો પાડવામાં આવે છે. દુકાનદારે જણાવ્યું કે સુરતના સરકારી ગોડાઉનમાંથી મોકલવામાં આવેલો રાશનનો માલ ફરજિયાત સ્વીકારવો પડે છે. જો વેપારીઓ ખરાબ કે એક્સપાયર્ડ થયેલો માલ પરત કરવાનો પ્રયાસ કરે, તો સરકારી ગોડાઉન અને અધિકારીઓ દ્વારા તેને પરત લેવાનો સ્પષ્ટ ઈનકાર કરવામાં આવે છે.

દુકાનદારના જણાવ્યા અનુસાર, જૂન મહિનાની ૨૮ તારીખે આવેલા માલને આંગણવાડી મહિલાઓએ એક્સપાયર્ડ જાહેર કર્યો હતો. દુકાનદારે અન્ય આંગણવાડીઓ પાસેથી પણ પુષ્ટિ મેળવી અને જાતે તપાસ કરતા માલ એક્સપાયર્ડ હોવાનું જણાયું.

આ અંગે ગોડાઉન મેનેજર અને ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે કે આ માલ પરત લેવામાં આવે, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આ સ્થિતિ મહિલાઓના સ્વાસ્થ્ય સાથે ચેડા સમાન છે અને સત્તાવાળાઓ દ્વારા આક્ષેપોની તાત્કાલિક તપાસ કરવી આવશ્યક છે.

વલસાડ એસઓજીએ

# વાપી સ્ટેશન સામે રૂ.૨૧ લાખનો ૪૨ કિલો ગાંજાનો જથ્થો સેલવાસ લઈ જતા પહેલા આરોપીને ઝડપ્યો



**આરોપી સંજય પરમાર (મારવાડ) રહે.સેલવાસને પોલીસે રેલવે સ્ટેશનની સામેથી જ દબોચી લીધો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વાપી રેલવે સ્ટેશન સામે આજે સોમવારે એસ.ઓ.જી.ને મોટી સફળતા મળી છે. ટ્રેનમાં ઉતરીને સેલવાસ જઈ રહેલા આરોપીને ૪૨ કિ.ગ્રા. ગાંજો કિંમત આશરે ૨૧ લાખ સાથે ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લામાં ગેરકાયદે ગાંજા વેચાણનું નેટવર્ક ચાલતું હોવાથી એસ.ઓ.જી. ગાંજા વેચાણની ગતિવિધિઓ ચલાવનાર તત્ત્વોને પકડવામાં સક્રિય ભૂમિકામાં રહી છે. આજે સોમવારે એસ.ઓ.જી.ને મળેલી બાતમી આધારે વાપી રેલવે સ્ટેશન સામે વોચ ગોઠવી હતી તે દરમિયાન ટ્રેનમાંથી ઉતરી સ્ટેશનની બહાર આવી રહેલા મુસાફરો પૈકી શંકાસ્પદ જણાતા મુસાફરને અટકાવી પોલીસે ચેકિંગ કર્યું હતું તે દરમિયાન મુસાફ રપાસેથી ૪૨ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, ગાંજો સેલવાસ લઈ જઈ રહ્યો હતો. તેને નામ ઠામ જણાવ્યું હતું આરોપી સંજય પરમાર (મારવાડી) રહે.બાલાજી મંદિર રોડ પ્રતિભા કોમ્પલેક્ષ સેલવાસનો રહીશ છે. પોલીસે ૪૨ કિલોગ્રામ ગાંજો જેની બજાર કિંમત આશરે ૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સંજય પરમારની અટક કરી હતી. એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી એસ.ઓ.જી.એ વધુ તપાસ ટાઉન પોલીસને સોંપી હતી.

વલસાડ નજીક ઘડોઈ ગામમાં

# રાત્રે દિપડાઓનું ઝુંડ જોવા મળતા ગામમાં દહેશતનો માહોલ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વલસાડ નજીક આવેલ ઘડોઈ ગામમાં રવિવારે મોડી રાત્રે જંગલ વિસ્તારમાં એક દિપડાનું ઝુંડ જોવા મળ્યું હતું. ઘટનાને લઈને ગામમાં દહેશતનો માહોલ છવાઈ ગયો હતો.

વલસાડ જિલ્લામાં વિવિધ ગામોમાં દિપડાઓ દેખાતા હોવાની ઘટનાઓ અવારનવાર બનતી રહી છે. ગામડાઓમાં ઘૂસી આવતા દિપડા પશુઓને અને મરઘાઓનો શિકાર કરતા હોય છે. કંઈક તેવી જ ઘટના વલસાડ નજીક આવેલ ઘડોઈ ગામમાં રવિવારે રાત્રે ઘટી હતી. જંગલ ઝાડી વિસ્તારમાં ત્રણ જેટલા દિપડાઓનું ઝુંડ જોવા મળ્યું હતું. દિપડાની ઉપસ્થિતિની જાણ ગ્રામજનોને થતા તુરંત વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી મોરચો સંભાળી લીધો હતો તેમજ ગ્રામજનોને સુચના આપવામાં આવી હતી કે જંગલ કે વાડી વિસ્તારમાં કોઈએ જવું નહી.

# વલસાડ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નાનાપોંઢા ખાતે થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૩**




વલસાડ જિલ્લા કક્ષા (૧૫મી ઓગસ્ટ) સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નવરચિત નાનાપોંઢા હેલીપેડ ગ્રાઉન્ડ નાનાપોંઢા-કપરાડા રોડ ખાતે કરવામાં આવશે. જેની તૈયારીના ભાગરૂપે કલેક્ટર શ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આદિજાતિ વિકાસી અને વલસાડ જિલ્લા પ્રભારીમંત્રી શ્રી નરેશભાઇ પટેલના હસ્તે ધ્વજ વંદન થશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજનસિંહ જાડેજા સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિવિધ વિભાગો સાથે કરવાની થતી કામગીરીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પોલીસ પરેડ, વિવિધ દેશભક્તિના સાંસ્કતિક કાર્યક્રમો થશે. જેની તૈયારીઓ વહીવટીતંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. કાર્યક્રમને અનુલક્ષીને કામગીરી સુપેરે પાર પડે તે માટે જુદા જુદા અધિકારીઓને ફરજો સોંપવામાં આવી છે.

# વાપી રાતા ખાડી કોલક નદીના સંગમ સ્થાને ન્હાવા પડેલા યુવાનો પૈકી છીરીનો એક યુવાન તણાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વાપી રાતાખાડી અને કોલક નદીના સંગમ સ્થાને ન્હાવા પડેલા કેટલાક યુવાનો પૈકી છીરીનો એક યુવાન તણાઈ ગયો હોવાની હચમચાવતી ઘટના ઘટી છે.

ચોમાસુ હોવાથી નદીઓ બે કાંઠે વહી રહી છે ત્યારે નદીમાં નહાવાનો આનંદ ઉઠાવવાની ઘેલછા યુવાનોમાં પ્રબળ જોવા મળી રહી છે તે અન્વયે વાપી છીરી વિસ્તારમાં રહેતા કેટલાક યુવાનો રાતા ખાડી અને કોલક નદીના સંગમ સ્થાને ન્હાવા માટે ગયા હતા. નહાવા પડેલા ત્રણ થી ચાર યુવાનો પૈકી એક યુવાન પાણીમાં તણાઈ ગયો હતો. પાણીમાં તણાઈ ગયેલ યુવાન છીરી વિસ્તારમાં રહેતા દીપક પાંડે હોવાનું જાણવા મળેલ છે. ઘટનાની જાણ થતાં જ મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને તણાઈ ગયેલ યુવાનને શોધવાનું રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યું હતું. તદઉપરાંત સ્થાનિક પોલીસ અને લોકોના ટોળા પણ એકઠા થયા હતા. ફાયર ટીમ દ્વારા તણાઈ ગયેલ યુવકની શોધખોળ સઘનપણે ચલાવવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી યુવાનનો કોઈ પત્તો લાગ્યો નથી. ઘટનાના પગલે પરિવાર સહિત સ્થાનિક વિસ્તારમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

સંસ્થાપક સ્વ.ઈન્દ્રવદન શાહની પાંચમી પુણ્યતિથિ ઉજવણીના ભાગ રૂપે

# વાપી એન.એમ. મહેતા જનસેવા હોસ્પિટલમાં સર્વરોગ નિદાન ફ્રી ઓપીડી નિ:શુલ્ક સાપ્તાહિક કેમ્પનો શુભારંભ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

વાપી શ્રેયસ મેડીકેર સંચાલિત એન.એમ. મહેતા જનસેવા હોસ્પિટલમાં સાપ્તાહિક સર્વરોગ નિદાન ફ્રી ઓપીડી કેમ્પનો આજે સોમવારે શુભારંભ કરવામાં આવ્યો હતો.

જનસેવા હોસ્પિટલમાં સ્થાપક સ્વ.ઈન્દ્રવદન શાહની પાંચમી પુણ્યતિથિની ઉજવણીના ભાગ રૂપે સાપ્તાહિક સર્વરોગ નિદાન ફ્રી ઓપીડી નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૦૩ ઓગસ્ટથી તા.૦૮ ઓગસ્ટ સુધી સાપ્તાહિક કેમ્પ કાર્યરત રહેનાર છે. સવારો ૧૦ થી બપોરે ૧ અને સાંજના ૫ થી ૭ઃ૩૦ વાગ્યા દરમિયાન કેમ્પ કાર્યરત રહેશે. કેમ્પમાં જનરલ મેડીસીન, હૃદય રોગ, સ્ત્રી રોગ, બાળ રોગ, ફીઝીયોથેરાપી સહિતના તમામ રોગોનું નિઃશુલ્ક તબીબી નિદાન કરવામાં આવશે તેમજ લેબરેસ્ટ, એન્જીયોગ્રાફી જેવી સેવાઓમાં ખાસ ૩૦ ટકા છૂટ આપવામાં આવશે., વાપી સહિત વલસાડ જિલ્લાની જાહેર જનતાને આ અતિઉપયોગી સાપ્તાહિક નિઃશુલ્ક મેડીકલ કેમ્પનો લાભ લેવા ટ્રસ્ટીગણ તરફથી જાહેર અપીલ કરવામાં આવી છે.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસે પૂરગ્રસ્ત પરિવારોને સેવા ભાવના સાથે રાશન કીટ અર્પણ કરી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**

આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ, વાપી અંતર્ગત બી.સી.એ વિભાગ દ્વારા સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવતા ગુજરાતના પૂરગ્રસ્ત પરિવારોની સહાય માટે રાશન કીટનું દાન કરવામાં આવ્યું હતું. કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો, તેમજ વિદ્યાર્થીઓના સહયોગથી આ સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરના ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત પરિવારોને આવશ્યક જીવનજરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તે હેતુથી અનાજ, દાળ, ચોખા, ઘઉંનો લોટ, તેલ, ખાંડ, મીઠું તેમજ અન્ય આવશ્યક સામગ્રી ધરાવતી રાશન કિટ તૈયાર કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો.મિત્તલ શાહે જણાવ્યું હતું કે, ''શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સામાજિક સંવેદના, કરુણા અને માનવસેવાના મૂલ્યોનો વિકાસ કરવો એ અમારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. કુદરતી આફતના સમયમાં જરૂરિયાતમંદોની મદદ કરવી એ આપણી સૌની નૈતિક ફરજ છે.''

કાર્યક્રમમાં કોલેજના ચેરમેન શ્રી મિલન દેસાઈ, પ્રિન્સિપાલ ડો.મિત્તલ શાહ, બી.સી.એ. વિભાગના એચઓડી શ્રીમતી નેહા પટેલ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. ઉપસ્થિત સૌએ પૂરગ્રસ્ત પરિવારો ઝડપથી સામાન્ય જીવન તરફ પરત ફરે અને તેમના જીવનમાં ફરી સુખ-શાંતિ સ્થાપિત થાય તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# વાપી કેબીએસ નટરાજ કોલેજમાં લીડરશીપ ડેવલોપમેન્ટ અંગે બે દિવસીય વર્કશોપ યોજાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૩**




ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં M.R.Pai ફાઉન્ડેશન અને ફોરમ ઓફ ફ્રી - એન્ટરપ્રાઈઝ, મુંબઈના સહયોગથી વિદ્યાર્થી વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને સેલ્ફ હેલ્પ ફોરમના બેનર હેઠળ, કોલેજના ઓડીટોરીયમ ખાતે બે દિવસીય નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં આવશ્યક નેતૃત્ત્વ કૌશલ્યોને વિકસાવવા, તેમને પહેલ કરવા, જાણકાર નિર્ણયો લેવા અને તેમના શૈક્ષણિક અને વ્યાવસાયિક કાર્યોમાં પ્રામાણિકતા સાથે નેતૃત્ત્વ કરવા માટે સશક્ત બનાવવાનો હતો.

વર્કશોપનું ઉદ્ઘાટન કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે આજના ગતિશીલ વિશ્વમાં નેતૃત્ત્વના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આ સત્રમાં બે દિવસ મુખ્ય વક્તા શ્રી રાજીવકુમાર અને શ્રી સચિન કામથ જેઓ નેતૃત્વ તાલીમ અને વ્યક્તિત્ત્વ વિકાસના નિષ્ણાંત છે, જેમણે વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ, કેસ સ્ટડીઝ અને પ્રેરક આંતરદષ્ટિથી જોડ્યા હતા. વિવિધ વિભાગોના ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વર્કશોપમાં ભાગ લીધો હતો. મુખ્ય થીમ્સમાં વાતચીત કૌશલ્ય, ટીમ નિર્માણ, સમય વ્યવસ્થાપન, ભાવનાત્મક બુદ્ધિ અને નૈતિક નેતૃત્ત્વનો સમાવેશ થતો હતો. આ વર્કશોપનું આયોજન અને સંચાલન ડો.યતીન પી. વ્યાસ, ડો.ક્રિષ્ના રાજપૂત અને ડો.દીપક સાંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આમ વર્કશોપ સફળ રહેતા કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણે આ પહેલની પ્રશંસા કરતા કહ્યું, ''નેતૃત્વ એ કોઈ પદવી નથી, પરંતુ એક જવાબદારી છે. અમને અમારા વિદ્યાર્થીઓને નેતૃત્વ કરવા અને ફરક લાવવા માટેના સાધનોથી સજ્જ કરવાનો ગર્વ છે.'' કહેતા M.R.Pai ફાઉન્ડેશન અને ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઈઝ, વક્તાશ્રીઓ, આયોજકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરી જીવનમાં સફળ નેતૃત્ત્વ કરી આગળ વધવાની શુભેચ્છા પાઠવી હતી.

# વલસાડ જિ.પં. પ્રમુખ હેતલબેન પટેલ દ્વારા વૃક્ષારોપણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસડ, તા.૦૩**

વલસાડના અતુલ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૫ જુલાઈથી ૩૦ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આયોજિત 'સંજીવની- ૨૦૨૬' અભિયાન અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પ સાથે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વલસાડ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, વલસાડનાં ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, કપરાડાનાં ધારાસભ્યશ્રી જિતુભાઈ ચૌધરી અને ઉમરગામનાં ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકર દ્વારા એમના નિવાસસ્થાને પોતાના ઘરનાં સભ્યો સાથે અતુલ કંપનીનાં જનરલ મેનેજર શ્રી ગૌતમભાઈ દેસાઈની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

તમામ ધારાસભ્યોશ્રીઓ અને જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રીએ આ હરિત યાત્રા સતત આગળ વધતી રહે અને વધુને વધુ લોકોને પ્રકૃતિનાં સંરક્ષણ માટે પ્રેરણા આપે તેવી શુભેચ્છાઓ પાઠવી સંજીવની અભિયાન સાથે જોડાયેલા તમામ સહભાગીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સૌ નાગરિકાને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ તેનું જતન કરીને હરિયાળું, સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ નિર્માણમાં સક્રિય રીતે સહભાગી બનવા અપીલ કરી હતી.

# ઉમરગામના ધોડીપાડા ખાતે કાર અડફેટે અજાણ્યા યુવકનું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૩**



ઉમરગામ તાલુકાના ધોડીપાડા ખાતે મુંબઈથી વાપી તરફના રોડ ઉપર એક અજાણ્યો ૩૦ થી ૩૫ વર્ષીય યુવક તા.૦૫ જુલાઈ ૨૦૨૬ના રોજ રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે એક સફેદ કલરની મારૂતિ બ્રેઝા કાર નં. જીજે-૧૫-સીએન-૦૪૪૧ ના ચાલક અશોક દલવિર લાંબા (જાટ) (રહે. શિવશિવા રેસીડેન્સી, રામવાડી, છરવાડા, તા.વાપી. જિ.વલસાડ, મૂળ રહે. પીંજખોરા, તા. તોશામ, જિ.ભીવાની, હરિયાણા) એ ટક્કર મારી અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. સારવાર દરમિયાન આ અજાણ્યા યુવકનું મૃત્યું થયું હતું. જેની જાણ પોલીસને થતા મૃતકના વાલી વારસોની શોધખોળ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. મૃતકે લીલા કલરની ટીશર્ટ અને નાઈટનો પેન્ટ પહેર્યો હતો. જે કોઈને પણ આ અજાણ્યા મૃતક યુવકના વાલી વારસોની ભાળ મળી આવે તો ભીલાડ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલસાડ જિલ્લામાં ટૂંક સમયમાં "FSAS –Fertilizer Sale Application System" નો પ્રારંભ થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૩**

ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે તેમજ સમયસર ઉપલબ્ધ થાય તે હેતુસર "FSAS –Fertilizer Sale Application System" એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશન દ્વારા ખેડૂતશ્રીઓ રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા/સહકારી મંડળી પરથી ખાતર ખરીદતા પહેલા મોબાઈલ મારફતે ખાતરનું Pre-booking (અગાઉથી બુકિંગ) કરી શકશે. જેના કારણે ખાતરની ઉપલબ્ધતા અંગે પૂર્વ માહિતી તેમજ ખાતર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, સુવ્યવસ્થિત અને પારદર્શક બનશે.

ઉપરોક્ત સિસ્ટમની અમલવારી આગામી ટૂંક સમયમાં જિલ્લામાં શરૂ થનાર છે. આ નવી ડિજિટલ વ્યવસ્થા દ્વારા ખાતર

**ખેડૂતોને સબસીડાઇઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે તેમજ સમયસર ઉપલબ્ધ થાય તે માટે પ્રયાસ**

વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, બિનજરૂરી ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરવામાં સહાય મળશે. જેથી જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને અનુરોધ કરવામાં આવે છે કે, પોતાની ખેડૂત નોંધણી કરાવી તેઓ આ નવી એપ્લિકેશન મારફત ખાતર ખરીદી અંગે માહિતી મેળવી તેનો વધુમાં વધુ લાભ મેળવે તથા આગામી સમયમાં શરૂ થનારી Pre-booking સુવિધાનો ઉપયોગ કરવા માહિતગાર રહે.

જિલ્લાના ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે નજીકની તાલુકાના મદદનીશ ખેતી નિયામકશ્રીની કચેરી તથા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ચૂંટણીપંચ જેવી સ્વતંત્ર સંસ્થામાં વિશ્વાસ જળવાય તે જરૂરી

**ચૂં**ટણી કમિશનરોની નિયુક્તિ અંગે સર્વોચ્ચ અદાલતમાં મોટાપાયે ચર્ચા ચાલી રહી છે. કોર્ટ અને સરકાર દલીલ પ્રતિ દલીલ કરી રહ્યા છે. ગુરુવારે જસ્ટીસ દિપાંકર દત્તાણી, જસ્ટીસ સતિષચંદ્ર શર્માની બેંચે કરેલી સુનાવણી બાદ આખું પ્રકરણ મોટી બેંચ તરફ પહોંચ્યું છે. જ્યારથી આ ચર્ચા શરૂ થઈ છે, તે પછીના ૨૮મા દિવસે કેસ ટ્રાન્સફરની માગણી કરાઈ રહી છે. સરકારે ચૂંટણી કમિશનરોની નિયુક્તિ માટે જે કાયદા ઘડ્યા છે, તેમાં ભારતના ચીફ જસ્ટીસને રખાયા નથી તે સંદર્ભે ડૉ. જયા ગુપ્તાએ ૨૦૨૩માં અરજી દાખલ કરી હતી. તે કેસ હવે અગત્યના તબક્કામાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટે આ અંગે કહ્યું કે, નિષ્પક્ષતા માત્ર હોય તે પૂરતું નથી, દેખાવી પણ જોઈએ. સરકાર તરફે સોલીસીટર જનરલ તુષાર મહેતાએ એવી દલીલ કરી કે, ન્યાયતંત્ર વડાપ્રધાન પર અવિશ્વાસ કરી શકે નહીં. કોર્ટે કહ્યું કે, ચૂંટણીપંચ જેવી સ્વતંત્ર સંસ્થામાં વિશ્વાસ જળવાય તે અગત્યનું છે. વડાપ્રધાનની નિષ્ઠા અંગે સંશય કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તુષાર મહેતાએ કહ્યું કે, વડાપ્રધાન કાર્યાલય સાથે પવિત્રતા અને વિશ્વસનીયતા જોડાયેલી છે. રાજ્યનું કોઈ અંગ એવું ધારી શકે નહીં કે, બહુ જનમતથી ચૂંટાયેલા વડાપ્રધાન યોગ્ય રીતે કામ નહીં કરે. કેબીનેટમાં મંત્રી પસંદ કરતી વખતે પણ જજની સલાહ લેવી પડશે? સંસદ દ્વારા રચાયેલા કાયદાને માત્ર તે કારણથી રદ્ કરી શકાય નહીં કે જેમાં મુખ્ય ન્યાયાધીશ સામેલ નથી. તુષાર મહેતાએ સ્પષ્ટ કહ્યું કે, વડાપ્રધાન જેની નિયુક્તિ કરશે, તે વ્યક્તિ ખોટું કરશે તેવો સવાલ જ ઊઠવો ન જોઈએ. વડાપ્રધાન કાર્યપાલિકાના પ્રમુખ છે અને તેઓ વિધાયિકા પ્રત્યે પણ જવાબદાર છે જ. ન્યાયપાલિકામાં નિયુક્તિ થાય, ત્યારે જજ, જજને પસંદ કરે છે અને તેમની ઉપર આખો દેશ વિશ્વાસ કરે છે. તે સમયે એવું કહી ન શકાય કે, જે જજની પસંદગી થઈ છે તે ખોટી છે. સર્વોચ્ચ અદાલતે પણ સ્પષ્ટ કર્યું કે, વડાપ્રધાન પર ભરોસો હોય જ, સવાલ માત્ર ચૂંટણીપંચની નિમણૂકોમાં નિષ્પક્ષતા દેખાવી જોઈએ એટલો જ છે. સરકારના પક્ષે થઈ રહેલી દલીલ પણ તાર્કિક અને મુદ્દાસર છે, સામે જે પ્રશ્નો ઊઠ્યા છે, તે આખી વ્યવસ્થામાં સી.જે.આઈ.નો સમાવેશ કેમ નહીં? તે સંદર્ભે છે. જો કે, જે પ્રમાણે તુષાર મહેતાએ કહ્યું છે તે મુજબ વડાપ્રધાન કાર્યાલય ઉપર સીધો જ સંશય કરવો ઉચિત નથી.

# જીવનમાં સાચા મિત્રની ઓળખ કેવી રીતે કરવી?

**ગ**રૂડ પુરાણમાં જીવનને સફળ બનાવવા માટે સાચા મિત્રની ઓળખ આપવામાં આવી છે. આ લેખ એ છ ગુણોને દર્શાવે છે જે એક સાચા મિત્રમાં હોવા જોઈએ. જેમકે સુખદુઃખમાં સાથ આપવો અને સારા કાર્યો માટે પ્રેરણા આપવી. સામાન્ય રીતે લોકોના મનમાં ગરૂડ પુરાણનું નામ સાંભળતાં જ સ્વર્ગ-નરકનો વિચાર આવે છે પરંતુ ગરૂડ પુરાણમાં જીવનને સફળ બનાવવાનું જ્ઞાન પણ છુપાયેલું છે. ગરૂડ પુરાણમાં જણાવવામાં આવ્યું છે કે સાચો મિત્ર એ છે કે જે કોઈ મુશ્કેલી કે સંકટ સમયે તમારો સાથ આપે, જ્યારે સ્વાર્થી મિત્રો કોઈપણ વિપત્તિમાં મદદ કરતા નથી.

ગરૂડ પુરાણમાંથી આપણને એ શીખવા મળે છે કે જીવનમાં સાચા મિત્રની ઓળખ કેવી રીતે કરવી? તો ચાલો આ લેખમાં આપણે જાણીએ કે કેવા લોકો સાથે દોસ્તી કરવી જોઈએ.

(૧) સુખ અને દુઃખનો સમાન સાથી.. ગરૂડ પુરાણ અનુસાર જે મિત્ર તમારા સુખ અને દુઃખમાં પણ તમારો સાથ આપે અને ક્યારેય તમારો સાથ ન છોડે તેવા મિત્રને જ સાચો મિત્ર માનવામાં આવે છે. અવાર-નવાર સ્વાર્થી લોકો ફક્ત સારા સમયમાં જ સાથ આપે છે પરંતુ ખરાબ સમય આવતાં જ સાથ છોડી દે છે તેથી સ્વાર્થી લોકોથી અંતર જાળવી રાખવું જોઈએ.

(૨)બુરાઈના માર્ગથી બચાવનાર.. જે મિત્ર તમને ખોટા માર્ગે ચાલવાથી બચાવે છે તે જ સાચો મિત્ર છે. જે લોકો ખોટાં કાર્યો કરવામાં તમારો સાથ આપે તેવા લોકોથી દૂર રહેવું જોઈએ.

(૩)સમાજમાં સન્માનનો રક્ષક.. જો તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો તમારો મિત્ર તમને સમાજમાં નીચા નથી દેખાડતો પણ તમને પ્રેમથી સમજાવે છે, સાથે જ સમાજમાં હંમેશાં તમારૂં માન-સન્માન જાળવી રાખે છે, આવા જ લોકોને સાચા મિત્ર માનવામાં આવે છે. જે લોકો તમને સમાજમાં વાતેવાતે નીચા દેખાડે છે તેમની સાથે દોસ્તી ન રાખવી જોઈએ, તેનાથી તમને જીવનમાં મોટું નુકસાન થઈ શકે છે.

(૪)ખરાબ લોકોથી અંતર.. જે લોકો કપટી અને ચાલાક હોય છે તેમની સાથે દોસ્તી ન કરવી જોઈએ, તે લોકો તમને જીવનમાં મોટું નુકસાન પહોંચાડી શકે છે. હંમેશાં એવા લોકો સાથે દોસ્તી કરવી જોઈએ જેનું ચરિત્ર સ્વચ્છ હોય અને જે મનથી સાચા હોય.

(૫)સારા કાર્યો કરવા માટે પ્રેરણા આપે.. ગરૂડ પુરાણ અનુસાર સાચો મિત્ર એ જ છે જે તમને હંમેશાં આગળ વધવા અને સારા કાર્યો કરવા માટે પ્રેરણા આપે છે તેથી આવા લોકો સાથે જ દોસ્તી કરવી જોઈએ.

(૬)જે ઈર્ષ્યા ન કરે.. જે તમારા ધનવાન કે સફળ થવા પર તમારી સાથે ઈર્ષ્યા ન કરે અને તમારો ખરાબ સમય આવતાં કે ધન ચાલ્યું જતાં તમને છોડીને નભાગે તે જ સાચો મિત્ર છે.

સાચા મિત્રના મુખ્ય લક્ષણો પ્રમાણિકતા, નિઃસ્વાર્થ પ્રેમ, મુશ્કેલ સમયમાં સાથ અને ભૂલો સુધારવાની હિંમત છે. સાચો મિત્ર એ નથી જે ફક્ત તમારા સારા સમયમાં સાથે રહે પરંતુ એ છે જે તમારા જીવનના દરેક ઉતાર-ચઢાવમાં તમારી સાથે ખભેખભો મિલાવીને ઊભો રહે છે. સાચો મિત્ર હંમેશા તમારી સાથે વફાદાર રહે છે અને ક્યારેય તમારો વિશ્વાસ તોડતો નથી, જ્યારે આખી દુનિયા સાથ છોડી દે ત્યારે પણ તે તમારી પડખે ઊભો રહે છે, તે તમારી ખોટી બાબતો પર પડદો નથી પાડતો પરંતુ તમને સાચો રસ્તો બતાવવા માટે તમારી ભૂલ ટોકે છે, તેના મનમાં તમારા પ્રત્યે કોઈ સ્વાર્થ-ઈર્ષ્યા કે લોભ હોતો નથી, તે તમારી વાતોને સુખ-દુઃખને હંમેશા ધ્યાનથી સાંભળે છે અને સમજે છે, તે તમને બદલવાનો પ્રયત્ન કર્યા વિના તમારી ખામીઓ સાથે પણ તમારો આદર કરે છે, જ્યારે તમે જીવનમાં આગળ વધો કે સફળ થાઓ ત્યારે તે દિલથી ખુશ થાય છે.

> જે પાપ કર્મથી દૂર લઈ જાય તે જ સાચો મિત્ર છે, ખાનગી વાતને જાહેર કરી દેવી, ધન માગવું, કઠોરતા, મનની ચંચળતા, ક્રોધ, જૂઠ અને જૂગાર રમવો.. આ બધાં મિત્રનાં દૂષણ છે

સાચો મિત્ર અરીસા અને પડછાયા જેવો હોય છે કારણ કે અરીસો ક્યારેય જૂઠું નથી બોલતો અને પડછાયો ક્યારેય સાથ નથી છોડતો, મિત્રતાની કસોટી સારા સમયમાં નહીં પરંતુ મુશ્કેલ સમયમાં થાય છે, સાચો મિત્ર એ છે જે તમારા હાસ્ય પાછળ છુપાયેલું દુઃખ પણ ઓળખી લે છે, જે તમારા મૌનને સમજી નશકે તે તમારા શબ્દોને ક્યારેય સમજી શકશે નહીં, સાચો મિત્ર એ નથી જેને તમે વર્ષોથી ઓળખો છો પરંતુ એ છે જે તમારા જીવનમાં આવીને ક્યારેય સાથ નથી છોડતો, સાચી મિત્રતામાં ગુસ્સો હોઈ શકે છે પરંતુ ક્યારેય નફરત કે અહંકાર નથી હોતો, જે તમારી દરેક ખોટી વાતમાં હા મિલાવે તે ખુશામતખોર છે, સાચો મિત્ર હંમેશા કડવું પણ સાચું કહેશે.

આધ્યાત્મિક રીતે જોઈએ તો જીવ અને ઈશ્વર આ બંન્ને સુંદર પાંખોવાળા બે પક્ષી પરસ્પર મિત્ર છે અને આ શરીર રૂપી વૃક્ષ ઉપર બેઠેલા છે. આ બંન્નેમાંથી જીવ આ વૃક્ષના ફળનો સ્વાદ સુખ અને દુઃખનો ભોગ કરે છે. બીજો સચ્ચિદાનંદ પરમાત્મા ફક્ત સાક્ષીભાવથી જોઈ રહ્યો છે.

પોતાની ઈન્દ્રિયો જ પોતાની શત્રુ છે પરંતુ એ જ ઈન્દ્રયો જીતી લીધી પછી મિત્ર બની જાય છે. મનને આધીન રહેશો તો એ શત્રુ છે મનને આધીન કરશો તો એ મિત્ર છે.

ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો વ્યવહાર હોય છે. તે બીજા માટે જે કંઈ કરે છે તે કર્તવ્ય તરીકે નહીં પરંતુ સ્નેહથી કરે છે. પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત મિત્રતાનો વ્યવહાર કરે છે. ભક્ત માને છે કે મારૂં અનિષ્ટ કરવાવાળો, અનિષ્ટમાં નિમિત્ત બનીને મારા પૂર્વમાં કરેલા પાપકર્મોનો નાશ કરી રહ્યા છે તેથી તે વિશેષરૂપે આદરને પાત્ર છે.

ભક્તની દ્રષ્ટિમાં તેનો કોઈ શત્રુ કે મિત્ર હોતો નથી તેમ છતાં લોકો પોત પોતાની ભાવના અનુસાર મૂર્ખતાવશ ભક્ત દ્વારા પોતાનું અનિષ્ટ થાય છે તેમ સમજીને ભક્તનો સ્વભાવ તેમને અનુકૂળ ન દેખાતો હોવાથી કે ઈર્ષ્યાવશ ભક્તમાં શત્રુભાવનો આરોપ લગાવે છે. આવી જ રીતે અન્ય લોકો પોતાની ભાવના અનુસાર ભક્તમાં મિત્રતાનો ભાવ કરી લે છે પરંતુ જગતમાં સર્વત્ર પ્રભુનાં દર્શન કરવાવાળા ભક્તનો તમામમાં સમભાવ જ રહે છે, તેમની દ્રષ્ટિમાં શત્રુમિત્રનો સહેજપણ ભેદ હોતો નથી, તે તો હંમેશાં તમામની સાથે પ્રેમનો જ વ્યવહાર કરે છે. તમામને પ્રભુનું જ સ્વરૂપ સમજીને સમભાવથી તમામની સેવા કરવી એ જ તેમનો સ્વભાવ બની જાય છે. માણસના ધૈર્યની, ધર્મની, મિત્રની અને પત્નીની પરીક્ષા વિપત્તિ-દુઃખમાં જ થતી હોય છે. જે મિત્રનું દુઃખ જોઈને દુઃખ પામતો નથી તેને જોવાથી પણ પાપ લાગે છે. પોતાનાં પર્વત જેવડાં મોટાં દુઃખોને પણ રજ સમાન ગણવાં અને મિત્રના રજ જેવડાં અલ્પ દુઃખને પર્વત સમાન ગણવાં.

જે પાપ કર્મથી દૂર લઈ જાય તે જ સાચો મિત્ર છે. ખાનગી વાતને જાહેર કરી દેવી, ધન માંગવું, કઠોરતા, મનની ચંચળતા, ક્રોધ, જૂઠ અને જૂગાર રમવો.. આ બધાં મિત્રનાં દૂષણ છે.

રામાયણમાં કહ્યું છે કે ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી, આપદ કાલ પરખિએ ચારી.. આ ચોપાઈના માધ્યમથી સંસારને સમજાવ્યું છે કે ધીરજ ધર્મમિત્ર અને નારીની પરીક્ષા વિપત્તિના સમયે થાય છે કે કોન કેવી રીતે પોતાની ફરજ નિભાવે છે, સુખમાં તો તમામ સાથ આપે છે, જે દુઃખમાં સાથ આપે એ જ આપણો સાચો હિતૈષી છે. મિત્ર અમોને તમામ પ્રકારની મુશ્કેલીમાંથી બહાર કાઢે છે. મિત્ર સુખી અને ખુશીઓથી ભરેલ અમૂલ્ય જીવન જીવવાની પ્રેરણા આપે છે. આપત્તિના સમયે જે સહયોગ કરે છે તે જ સાચો મિત્ર કહેવાય છે. રામાયણમાં ભગવાનશ્રી રામે કહ્યું છે કે અમારે મિત્રોના નાના દુઃખને પહાડ સમાન સમજવું જોઈએ.

**- આલેખનઃ વિનોદભાઈ માછી નિરંકારી**

# બાયોગેસ પ્લાન્ટમાંથી મેળવો, ગેસ, ખાતર અને બનાવો ગોબર સ્ટિક



**બાયોગેસ પ્લાન્ટઃ** પશુપાલન સાથે જોડાયેલ ખેડૂત પરિવારો માટે તો બાયોગેસ પ્લાન્ટ આશીર્વાદરૂપ નીવડી શકે છે. આજે દેશનાં ઘણાં ગામડાંમાં સામુદાયિક કે વ્યક્તિગત રૂપે બાયોગેસ પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. ગોબર ગેસ પ્લાન્ટ કરાવવાથી ઉકરડાની દુર્ગંધથી તો છૂટકારો મળે જ છે, સાથેસાથે મહિલાઓનો સમય પણ બચે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી મળતા ગેસના કારણે ચૂલાના ધૂમાડાથી છૂટકારો મળે છે અને રાંધણ ગેસના ખર્ચમાંથી પણ છૂટકારો મળે છે.

**બાયોગેસ પ્લાન્ટ બનાવતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી બાબતોઃ**

પ્લાન્ટની નજીક પાણીનો કૂવો હોવો જોઈએ નહીં.

પ્લાન્ટની નજીકમાં કોઈ ઝાડ હોવું ન જોઈએ.

પ્લાન્ટની નજીક જાજરૂનો શોષકુવો ન હોવો જોઈએ.

પ્લાન્ટ એવી જગ્યાએ ન બનાવવો જ્યાં ચોમાસામાં પાણી ભરાતું હોય.

દિવસે પ્લાન્ટ પર સૂર્યનો તડકો પડતો હોય તો વધારે સારું.

ગોબર ગેસ પ્લાન્ટમાં નાખવામાં આવતો રગડો એકરસ હોવો જોઈએ. (જેટલું છાણ હોય એટલું જ પાણી નાખી એકરસ કરવું અને અંદર કાંકરા હોય તો કાઢી લેવા. આ રગડો રોજ પ્લાન્ટમાં નાખવો.)

પ્લાન્ટ સાથેની પાઈપનું ફીટિંગ બરાબર હોવું જોઈએ, જેથી રસોડા સુધી બરાબર ગેસ પહોંચી શકે.

**બાયોગેસ પ્લાન્ટના ફાયદાઃ**

ઉકરડાની ઉર્ગંધથી છૂટકારો મળે.

છાણાં થાપવાની મહેનત બચે.

ધૂમાડાના અને લાકડાં બાળવાના કારણે પર્યાવરણને થતા નુકસાનને અટકાવી શકાય.

રાંધણ ગેસનો ખર્ચ બચે.

ખેતર અને બગીચા માટે નિયમિત ખાતર મળતું રહે.

સામાન્ય રીતે ઘણી ગૌશાળાઓમાં છાણમાંથી ગાયનાં લાકડાં બનાવવામાં આવે છે, પરંતુ તેનાથી છાણના બીજા ફાયદા આપણે ગુમાવીએ છીએ. તેની જગ્યાએ આ છાણમાંથી ગોબર ગેસ ઉત્પન્ન કરવામાં આવે, તો તેનાથી ગેસ તો મળે જ છે, સાથે સાથે તેમાંથી મળતી સ્લરીનો ઉપયોગ ખેતરમાં ખાતર તરીકે થાય છે અને છેલ્લા આઉટ કમમાંથી આ ગોબર ડંડા બનાવી શકાય છે. જેનો ઉપયોગ આજકાલ ઘણાં સ્મશાનમાં કરવામાં આવે છે. જેથી એટલાં જંગલો કપાતાં અટકાવી શકાય છે.

**- મિતલ ખેતાણી**
**(મો. ૭૦૬૯૨ ૨૧૯૯૯)**

## ગુજરાતમાં ૫૫ લાખ શંકાસ્પદ રેશનકાર્ડ પકડાયા

# કાર-બંગલા, જમીનના માલિકો તથા કંપની ડિરેક્ટર 'નકલી ગરીબ' બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૩**

વિકાસ અને સમૃદ્ધિના ડંકા વગાડતા ગુજરાતમાં સરકારી યોજનાઓમાં લાલિયાવાડી ચાલી રહી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત જે મફત અનાજ માત્ર ગરીબો અને જરૂરિયાતમંદો માટે અનામત છે, તેના પર રાજ્યના સુખી-સંપન્ન તવંગરોએ તરાપ મારી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ખુદ કેન્દ્રીય અન્ન નાગરિક પુરવઠા વિભાગે એવો ઘટસ્ફોટ કર્યો છે કે, ગુજરાતમાંથી છેલ્લાં ત્રણ વર્ષમાં ૫૫.૦૯ લાખ શંકાસ્પદ રેશનિંગ કાર્ડ આવ્યા હતાં. મહત્ત્વની વાત એછે કે, સુખી સંપન્ન પરિવારો પણ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રેશનકાર્ડ મેળવી ગરીબ લાભાર્થી બની બેઠાં હતાં. જેમની પાસે આલીશાન બંગલા છે, વૈભવી કાર છે, ખેતીલાયક જમીનો છે અને જેઓ નિયમિત ઈનકમ ટેક્સ ભરે છે, આ ઉપરાંત કંપનીના ડાયરેક્ટરો પણ ગરીબ બનીને મફત અનાજ ઓહિયાં કરી રહ્યા હતા. ગરીબોના હકનું અનાજ આવા ધનિકોના ઘરે પહોંચાડવાનું કૌભાંડ સરકારી તંત્રની સિસ્ટમની સામે અનેક સવાલો ઊભા કરે છે. કેન્દ્રના નાગરિક પુરવઠા વિભાગે રાજ્યસભામાં વિગતો રજૂ કરી છે કે, કેન્દ્રીય એજન્સીઓએ ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ, કૃષિ મંત્રાલય, ગૃહ મંત્રાલય, પોસ્ટ વિભાગ અને આરટીઓ પાસેથી લિંક થયેલા ડેટા મેળવ્યા હતા. આ તમામ ડેટાના ક્રોસ-વેરિફિકેશનમાં ધનિકોની પોલ પકડાઈ ગઈ છે અને ખોટા લાભાર્થીઓ બેનકાબ થયા છે. સરકારી આંકડા મુજબ, ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫.૫૮ લાખ બોગસ રેશનકાર્ડ રદ કરી દેવામાં આવ્યા છે. પરંતુ સવાલ એ થાય છે કે, અત્યાર સુધી ૧૫ લાખ જેટલાં બોગસ કાર્ડધારકોના નામે હજારો ટન અનાજ કોણ લઈ ગયુ? કોના આશીર્વાદ હેઠળ બોગસ રેશનકાર્ડ બનાવવામાં આવ્યા હતાં? કયા સરકારી અધિકારીઓની મિલીભગત હતી. સરકારે રેશનકાર્ડની ચકાસણી કર્યા વિના બારોબાર હજારો ટન અનાજ વહેંચીને વાહીવાહી તો મેળવી લીધી. હવે જ્યારે લાખો બોગસ રેશનકાર્ડ હોવાનો ખુલાસો થયો છે ત્યારે અન્ન નાગરિક પુરવઠા વિભાગ મૌન બન્યું છે સ્થાનિક સ્તરે સરકારી બાબુઓ અને રેશનિંગ દુકાનદારોની મિલીભગત વગર આ કૌભાંડ વર્ષો સુધી ચાલી શકે જ નહીં તે કડવી હકીકત છે. તંત્રની આ ઢીલી નીતિ અને પ્રિ-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓને લીધે આ નિર્દોષ લોકોનો ભોગ લેવાયો છે. નાગરિકો હવે માગ કરી રહ્યા છે કે આવી જોખમી લાઈનોને વહેલી તકે અંડરગ્રાઉન્ડ કરવામાં આવે અને બેદરકાર અધિકારીઓ સામે કડક કાનૂની પગલાં ભરી મૃતકોના પરિવારોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે. ગરીબોના મોંમાંથી કોળિયો છીનવી લેતા આવા સંપન્ન 'નકલી ગરીબો' સામે માત્ર રેશન કાર્ડ રદ કરવા પૂરતી કાર્યવાહી ન હોવી જોઈએ. સરકારના ટેક્સ અને સંસાધનોની લૂંટ કરનારા આ તત્ત્વો પાસેથી અત્યાર સુધી મેળવેલા અનાજની બજાર કિંમત વસૂલવામાં આવે અને તેમના પર ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સરકારના ટેક્સ અને સંસાધનોની લૂંટ કરનારા આ તત્ત્વો પાસેથી અત્યાર સુધી મેળવેલા અનાજની બજાર કિંમત વસૂલવામાં આવે અને તેમના પર ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

> **સરકારી આંકડા મુજબ, ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫.૫૮ લાખ બોગસ રેશનકાર્ડ રદ્ કરી દેવામાં આવ્યા**

# અભિજિત દીપકેએ કેન્દ્ર સરકારને ચેતવણી આપીઃ નવા શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીની નિમણૂક સામે પણ નારાજગી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૩**

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ કેન્દ્ર સરકારને ચેતવણી આપી છે. તેમણે NEET-UGના આત્મહત્યા કરનારા ઉમેદવારોના પરિવારને ૧-૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની માંગ કરી છે. જો માંગણીઓ નહીં સંતોષાય તો ફરી ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી છે. દીપકેએ નવા શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીની નિમણૂક સામે પણ નારાજગી વ્યક્ત કરી છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સંસ્થાપક અભિજિત દીપકેએ સોમવારે કેન્દ્ર સરકારે ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, જો સરકાર અમારી માંગણીઓ પૂરી નહીં કરે તો અમે ફરી ધરણાં પર બેસીશું. સરકારે હજુ સુધી આત્મહત્યા કરનારા NEET-UGના ઉમેદવારના પરિવારને ૧-૧ કરોડ રૂપિયાનું વળતર આપ્યું નથી. અભિજિત દીપકેએ કહ્યું કે, 'અમે ઈચ્છીએ છીએ કે, સરકારે અમને જે વાયદા આપ્યા છે, તે પુરા કરે, નહીં તો અમારે ફરી ધરણાં પર બેસવું પડશે. અમે કેન્દ્ર સરકારને માંગ કરી હતી કે, કથિત આત્મહત્યા કરનારા નીટ ઉમેદવારના પરિવારને ૧-૧ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવે. જોકે સરકારે હજુ સુધી અમારી આ માંગણી પૂરી કરી નથી. આ માંગ પૂરી કરવા સરકારે નિયમ-કાયદો જોવાની વાત કરી હોવાની મને માહિતી મળી છે. જ્યારે સાંસદો અને ધારાસભ્યોને ખરીદવાના હોય છે, ત્યારે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે અને હવે વળતરની વાત આવી છે તો સરકારને નિયમ-કાયદા યાદ આવી ગયા છે. એનો અર્થ એ છે કે, સરકારની દાનત યોગ્ય નથી.'

ઉલ્લેખનીય છે કે, સીજેપીની મુખ્ય માંગમાં સૌથી મુખ્ય મુદ્દો એક કરોડ રૂપિયાના વળતરનો હતો. સરકારે આ માંગ પૂરી કરવા આશ્વાસન પણ આપ્યું હતું. જ્યારે સીજેપીની અન્ય બે માંગમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અને દેખાવકારો વિરુદ્ધ FIR પરત ખેંચવાનો હતો. ૨૫ જુલાઈએ સીજેપીએ જંતર-મંતર પર ૩૭ દિવસથી ચાલી રહેલા ધરણાં સમાપ્ત કર્યા હતા. ત્યારે પાર્ટીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાનું અને અન્ય મુખ્ય માંગણીઓ પૂરી કરવાનું આશ્વાસન આપ્યા બાદ ધરણાં સમાપ્ત કરવામાં આવ્યા હતા. અભિજિત દીપકેએ એવું પણ કહ્યું કે, અમારી પાર્ટી નવા શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીના સમર્થનમાં નથી. અમારી માંગ શિક્ષણ મંત્રીના રાજીનામાની હતી, જે પૂરી થઈ છે. જોકે તેમના બદલે પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રી બનાવાયા છે, તે શરમજનક વાત છે, કારણ કે, અમે તેમને બિલકિસ બાનો કેસના આરોપીઓનું સન્માન કરતા અને માળા પહેરાવતા જોયા હતા. તેથી વિચારો, શાળાએ જતી યુવતીઓ આવા સન્માન જોઈને શું વિચારતી હશે, તેથી જ અમે તેમના સમર્થનમાં નથી.'

> **૧-૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની માંગ કરી, જો માંગણીઓ નહીં સંતોષાય તો ફરી ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી**

૨૦ જુલાઈએ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કર્મચારીઓ પર થયેલા કથિત હુમલા અંગેના પ્રશ્ન પર CJPના સંસ્થાપક અભિજિત દીપકે એએનઆઈ સાથેની વાતચીતમાં દિલ્હી પોલીસ અને ગુંડાઓ વચ્ચે મિલીભગત હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'હું આ આંદોલનની શરૂઆતથી જ કહેતો આવ્યો છું કે કેટલાક બહારના લોકોને પ્રદર્શનમાં ગરબડ ફેલાવવા, આંદોલનને બદનામ કરવા અને તેનો આરોપ CJP પર લગાવવા માટે મોકલવામાં આવશે. આ ગુંડાઓનું દિલ્હી પોલીસ સાથે પહેલાથી જ આયોજન થયેલું હતું. જે પ્રદર્શન સ્થળે મને તપાસ વગર જવા દેવામાં આવતો નહોતો, ત્યાં ૨૧૦૦ અપરાધીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા હતા. આ દિલ્હી પોલીસ પર મોટો સવાલ છે.'

દીપકે વધુમાં દાવો કર્યો કે, '૧૯ જુલાઈએ દિલ્હી પોલીસે જંતર-મંતર પર મંચની પાછળ પથ્થરોથી ભરેલો એક ટ્રક ઊભો રાખ્યો હતો. આનું કારણ શું હતું? ૨૦ જુલાઈ પહેલાં ત્યાં એક



ક્ષતિગ્રસ્ત વાહન પણ ઊભું હતું. બીજા દિવસે સમાચાર આવ્યા કે પ્રદર્શન દરમિયાન પથ્થરમારો થયો. આ બધું દિલ્હી પોલીસનું પૂર્વ-આયોજિત કાવતરું હતું.' જોકે, દીપકેના આ આરોપો પર દિલ્હી પોલીસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી અને આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

શ્રેયસ ઐયરના સાથી ખેલાડીએ છોડ્યો ટીમનો સાથ

## શશાંક સિંહ પોતાની ઘરેલુ ટીમ છત્તીસગઢથી અલગ થઈ ગયો

**શશાંક સિંહ કહેવું છે કે તેને એવું કહીને બદનામ કરવામાં આવ્યો કે તે ફક્ત IPL રમવા માંગે છે અને ઘરેલુ ક્રિકેટમાં કોઈ રસ નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૦૩ : IPLમાં પંજાબ કિંગ્સ તરફથી રમતા સ્ટાર ઓલરાઉન્ડર શશાંક સિંહે એક મોટો નિર્ણય લીધો છે. શશાંકે તેની ઘરેલુ ટીમ છત્તીસગઢથી અલગ થઈ ગયો છે. તે હવે ૨૦૨૬-૨૭ સિઝનથી પુડુચેરી માટે રમશે. ક્રિકેટ એસોસિએશન ઓફ પુડુચેરીના ભૂતપૂર્વ પ્રમુખ પી. દામોદરને પણ શશાંકના ટીમમાં સમાવેશની પુષ્ટિ કરી છે. મુંબઈનો વિકેટકીપર-બેટ્સમેન પ્રસાદ પવાર પણ તેની સાથે પુડુચેરી ટીમમાં જોડાયો છે. ટીમ છોડ્યા પછી શશાંકે છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશન પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે.



શશાંક સિંહે છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશન (CSCS) પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. તેણે કહ્યું કે, હા, હું છત્તીસગઢ છોડી રહ્યો છું. મેં CSCS પાસેથી NOC મેળવ્યું છે અને ૨૦૨૬-૨૭ સિઝનથી પુડુચેરી માટે રમીશ. ગત સિઝનમાં મને ખભા અને આંગળીમાં ગંભીર ઈજાઓ થઈ હતી, પરંતુ છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશને તે સમય દરમિયાન મને બિલકુલ સાથ આપ્યો નહોતો. તેણે વધુમાં જણાવ્યું હતું કે, સિઝન સમાપ્ત થયા પછી છત્તીસગઢ ક્રિકેટ પ્રીમિયર લીગ ૨૦૨૬ માટે ખેલાડીઓની યાદીમાં તેનું નામ સામેલ કરવામાં આવ્યું નહોતું. વધુમાં પ્રી-સિઝન કેમ્પ માટે પસંદ કરાયેલી ટીમમાંથી તેનું નામ પણ ગાયબ હતું. શશાંકે કહ્યું કે, મેં અધિકારીઓને પૂછ્યું કે મારું નામ કેમ સામેલ કરવામાં આવ્યું નથી, પરંતુ મને કોઈ જવાબ મળ્યો નહીં.

શશાંક સિંહ કહેવું છે કે તેને એવું કહીને બદનામ કરવામાં આવ્યો કે તે ફક્ત IPL રમવા માંગે છે અને ઘરેલુ ક્રિકેટમાં કોઈ રસ નથી. તેણે કહ્યું કે, મને એવું કહેવામાં આવ્યું કે હું ફક્ત IPL રમવા માંગુ છું, જ્યારે સત્ય એ છે કે ગયા વર્ષે બીસીસીઆઈએ મને વાઈટ બોલ ક્રિકેટમાં ભારતનો શ્રેષ્ઠ ઓલરાઉન્ડર જાહેર કર્યો હતો. મને આ માટે પ્રતિષ્ઠિત લાલા અમરનાથ એવોર્ડ પણ મળ્યો હતો.

શશાંકે છેલ્લી ઘરેલુ સિઝન દરમિયાન બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું હતું. ૨૦૨૫-૨૬ વિજય હજારે ટ્રોફીમાં તેણે સાત મેચમાં ૪૫૦ રન બનાવ્યા અને ૧૧ વિકેટ ઝડપી. દરમિયાન ૨૦૨૪-૨૫ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તેણે સાત મેચમાં ૧૮૮ રન બનાવ્યા હતા.

શશાંકે વધુમાં સ્પષ્ટતા કરી કે તેનું સંપૂર્ણ ધ્યાન હાલમાં વાઈટ બોલ ક્રિકેટ પર છે. તેણે કહ્યું કે, મારું શરીર હજુ પણ સંપૂર્ણપણે ફિટ છે. તેથી જ મેં આ સિઝનમાં રેડ-બોલ ક્રિકેટમાંથી બ્રેક લેવાનું નક્કી કર્યું. હું એક સારો ઓલરાઉન્ડર છું અને પુડુચેરી અને પંજાબ કિંગ્સ બંને માટે T20 ક્રિકેટમાં નિયમિતપણે ચાર ઓવરનો મારો સંપૂર્ણ ક્વોટા પુરો કરવા માંગુ છું.

દિલ્હીની કોર્ટનો ચુકાદો

## મહિલા પહેલવાનોના યૌનશોષણ કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહ નિર્દોષ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩ :** દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણી કેસમાં ભારતીય કુસ્તી મહાસંઘના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા છે. ૨૦૨૩માં આ આરોપો સામે આવ્યા બાદ જંતર-મંતર પર ધરણાં સહિત દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો થયા હતા. બ્રિજભૂષણે ચુકાદા બાદ કહ્યું કે તેમની વાત સાચી સાબિત થઈ છે.

ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)ના પૂર્વ પ્રમુખ અને છ વાર લોકસભા સાંસદ રહી ચૂકેલા બ્રિજભૂષણ શરણ સિંહને દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે રાહત આપી છે. મહિલા કુસ્તીબાજો દ્વારા લગાવાયેલા શારીરિક શોષણના ગંભીર આરોપોના મામલે કોર્ટે સોમવારે મહત્ત્વનો ચુકાદો આપતાં ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને સન્માનપૂર્વક નિર્દોષ જાહેર કર્યા છે. આ ચુકાદો સંભળાવવામાં આવે તે પહેલાં સોમવારે સવારે જ બ્રિજભૂષણ શરણ સિંહ રાઉઝ એવેન્યુ કોર્ટ પહોંચ્યા હતા. તે સમયે તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'હું ફક્ત તે જ સાંભળીશ જે કોર્ટ કહેશે, મારા હાથમાં કશું જ નથી.'

આ ચુકાદા બાદ ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જે દિવસે મારા પર આરોપ લાગ્યા હતા, તે જ દિવસે મેં કહ્યું હતું કે જો મારા પરના આરોપો સાબિત થશે તો હું ખુશીથી ફાંસીની સજા પણ સ્વીકારી લઈશ. આજે કોર્ટે મને નિર્દોષ જાહેર કર્યો છે અને મારી વાત સાચી સાબિત થઈ છે. કોર્ટે મને નિર્દોષ મુક્ત કર્યો છે. હવે હું બસ એટલું જ કહીશ કે, જે કંઈ થવાનું હતું તે થઈ ગયું.

વર્ષ ૨૦૨૩માં આ આરોપો સામે આવ્યા બાદ સમગ્ર દેશમાં ભારે હોબાળો મચી ગયો હતો. ઓલિમ્પિક મેડલ વિજેતા અને દેશના ટોચના પહેલવાનો—જેમાં વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયા સામેલ હતા—તેમણે દિલ્હીના જંતર-મંતર પર ધરણા પ્રદર્શન કર્યા હતા. તેમની મુખ્ય માગ બ્રિજભૂષણ સિંહની ધરપકડ કરવા અને તેમને કુસ્તી સંઘના પદ પરથી હટાવવાની હતી.

આ વિરોધ પ્રદર્શને તે સમયે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ધ્યાન ખેંચ્યું હતું. નવા સંસદ ભવન તરફ માર્ચ કરતી વખતે દિલ્હી પોલીસે કેટલાક રમતવીરોની અટકાયત કરી હતી, જેની વૈશ્વિક રમતગમત સંસ્થાઓ અને રમતપ્રેમીઓ દ્વારા ભારે ટીકા કરવામાં આવી હતી.

આ ચુકાદાના થોડા મહિના પહેલા જ ઓલિમ્પિયન વિનેશ ફોગાટે સાર્વજનિક રીતે ખુલાસો કર્યો હતો કે તે પોતે આ કેસની ૬ ફરિયાદીઓમાંથી એક હતી. વિનેશ ફોગાટે એક વીડિયો સંદેશ દ્વારા જણાવ્યું હતું કે, જાતીય સતામણી પીડિતોની ઓળખ ગુપ્ત રાખવા અંગેની સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર તેણે શરૂઆતમાં પોતાની ઓળખ ગુપ્ત રાખી હતી.

ભુવનેશ્વર ૨૦૨૨થી ભારતીય ટીમમાંથી બહાર ચાલી રહ્યો છે

## નેશનલ ટીમમાં વાપસી હવે મારું લક્ષ્ય નથી : ભુવનેશ્વર કુમાર

**હું આઈપીએલ અને સ્થાનિક ક્રિકેટ એટલા માટે રમું છું કારણ કે, મને તેનાથી પ્રેમ છે : ભુવનેશ્વર કુમાર**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩ :** અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમારે હવે નેશનલ ક્રિકેટ ટીમમાં વાપસી પોતાનો મુખ્ય હેતું ન હોવાનું જણાવતાં કહ્યું કે, તેણે ભારતીય ટીમની બહારના જીવનને અપનાવી લીધું છે અને હવે માત્ર ક્રિકેટ પ્રત્યે પોતાના જનૂનને કારણે રમી રહ્યો છે.

૩૬ વર્ષીય ભુવનેશ્વરે છેલ્લે ૨૦૨૨માં ભારત તરફથી મેચ રમી હતી. અત્યાર સુધી ૨૧ ટેસ્ટ, ૧૨૧ વન-ડે અને ૮૭ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ રમી ચૂક્યો છે. દેશનું પ્રતિનિધિત્વ કરવાનું સ્વપ્ન પૂર્ણ થયા પછી હવે પોતાને સાબિત કરવા માટે કોઈ દબાણ લાગતું નથી.

ભુવનેશ્વરે કહ્યું કે, હું આઈપીએલ અને સ્થાનિક ક્રિકેટ એટલા માટે રમું છું કારણ કે, મને તેનાથી પ્રેમ છે. હું ઘરેલુ ક્રિકેટ રમું છું. યુપી-ટી૨૦ લીગમાં રમું છું. ઈન્ટરનેશનલ ક્રિકેટથી દૂર પોતાના જીવન અંગે કહ્યું કે, હું સંપૂર્ણ રીતે શાંતિપૂર્વક રહું છું અને તેનો શ્રેય મારા પરિવારને આપું છું. ઘરે પણ અમે ક્યારેય ક્રિકેટ અંગે વાત કરતા નથી. અમે એ પણ ચર્ચા નથી કરતા કે, શું મને ફરી ભારતીય ટીમમાં સ્થાન મળશે, મને કેમ સામેલ ન કરાયો કે, શું મારી સાથે ખોટું થઈ રહ્યું છે. આ પ્રકારની કોઈ ચર્ચા કરતા નથી. હું ભારત તરફથી રમી ચૂક્યો છું હવે મારે કંઈ મેળવવાની જરૂરત નથી. જો મને તક મળશે તો તે સારી વાત ગણાશે. જોકે, અત્યારે હું જ્યાં છું ત્યાં ઘણો ખુશ છું.

મિસાઇલ અને ડ્રોન ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા તરફ ઐતિહાસિક પગલું

# ભારતે સ્વદેશી ટર્બોજેટ એન્જિન વિકસાવ્યું

**DRDOનું ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ ટર્બોજેટ એન્જિન તૈયાર; ક્રૂઝ મિસાઇલ અને હાઈ-સ્પીડ ડ્રોનને મળશે નવી શક્તિ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩**

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતાં સ્વદેશી ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન સફળતાપૂર્વક વિકસાવ્યું છે.

આ એન્જિનના વિકાસ સાથે ભારત હવે એવા પસંદગીના દેશોમાં સામેલ થયું છે, જે મિસાઇલ અને ડ્રોન માટે આધુનિક જેટ એન્જિનનું ડિઝાઈન અને ઉત્પાદન સ્વદેશમાં કરવાની ક્ષમતા ધરાવે છે. આ સિદ્ધિ દેશની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાની સાથે 'આત્મનિર્ભર ભારત' અભિયાનને પણ નવી દિશા આપશે.



આ એન્જિનનું ડિઝાઈન DRDOની બેંગલુરુ સ્થિત ગેસ ટર્બાઈન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ (GTRE) દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, જ્યારે તેનું ઉત્પાદન હૈદરાબાદ સ્થિત ખાનગી કંપની આઝાદ એન્જિનિયરિંગ દ્વારા કરવામાં આવ્યું છે. આ એક એક્સપેન્ડેબલ (સિંગલ-યુઝ) ટર્બોજેટ એન્જિન છે, જેનો ઉપયોગ મુખ્યત્વે ક્રૂઝ મિસાઈલ, લોઈટરિંગ મ્યુનિશન (સુસાઇડ ડ્રોન), ટાર્ગેટ ડ્રોન અને હાઈ-સ્પીડ માનવરહિત વિમાનો માં કરવામાં આવશે.

ટર્બોજેટ એન્જિન એરોસ્પેસ ક્ષેત્રની સૌથી જટિલ ટેક્નોલોજીમાંનું એક માનવામાં આવે છે. આ એન્જિન હવામાંથી ઓક્સિજન ખેંચી તેને કમ્પ્રેસ કરે છે અને બળતણ સળગાવી સતત થ્રસ્ટ ઉત્પન્ન કરે છે.

આ પ્રક્રિયા માટે ઉચ્ચ સ્તરની એન્જિનિયરિંગ, વિશેષ ધાતુઓ અને અત્યંત ચોકસાઈયુક્ત ઉત્પાદન ક્ષમતાની જરૂર પડે છે. આ કારણે આ ટેક્નોલોજી અત્યાર સુધી માત્ર અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીન જેવા મર્યાદિત દેશો પાસે જ ઉપલબ્ધ હતી.

આ સ્વદેશી ટેક્નોલોજીના વિકાસથી ભારતની વિદેશી નિર્ભરતા ઘટશે અને સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન મળશે.

દેશમાં જ ઉત્પાદન થવાને કારણે મિસાઈલ અને ડ્રોન સિસ્ટમ્સ ઓછી કિંમતમાં અને વધુ ઝડપથી તૈયાર કરી શકાશે. ભવિષ્યમાં લાંબા અંતરની ક્રૂઝ મિસાઈલ, હાઈ-સ્પીડ ડ્રોન અને એર ડિફેન્સ ટેસ્ટિંગ માટે ઉપયોગમાં લેવાતા ટાર્ગેટ ડ્રોનની ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે.

નિષ્ણાતોના મતે આ પ્રોજેક્ટ માત્ર એક નવું એન્જિન નથી, પરંતુ ભારતની સ્વદેશી ગેસ ટર્બાઈન ટેક્નોલોજી માટેનો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. આ અનુભવ ભવિષ્યમાં ફાઈટર જેટ માટે વધુ શક્તિશાળી સ્વદેશી એન્જિન વિકસાવવા અને દેશના કાવેરી એન્જિન જેવા પ્રોજેક્ટોને પણ ગતિ આપશે.

ભારતની સંરક્ષણ ક્ષમતામાં ઐતિહાસિક સિદ્ધિ

## સ્વદેશી ટર્બોજેટ એન્જિનથી મિસાઇલ અને ડ્રોનને મળશે નવી તાકાત

**DRDOએ તૈયાર કર્યું દેશનું પ્રથમ ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ ટર્બોજેટ એન્જિન; સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ મહત્વપૂર્ણ પગલું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩**

ભારતે સંરક્ષણ અને એરોસ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા દેશનું પ્રથમ ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન સફળતાપૂર્વક વિકસાવવામાં આવ્યું છે. આ સફળતા સાથે ભારત હવે એવા મર્યાદિત દેશોમાં સામેલ થયું છે, જે મિસાઈલ અને માનવરહિત હવાઈ પ્રણાલીઓ (UAV) માટે સ્વદેશી જેટ એન્જિન ડિઝાઈન અને વિકસાવવાની ક્ષમતા ધરાવે છે.

આ એન્જિનનું ડિઝાઈનિંગ DRDOની બેંગલુરુ સ્થિત ગેસ ટર્બાઈન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ (GTRE) દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે તેનું ઉત્પાદન હૈદરાબાદની આઝાદ એન્જિનિયરિંગ કંપનીએ કર્યું છે. આ એક સિંગલ-યૂઝ (એક્સપેન્ડેબલ) ટર્બોજેટ એન્જિન છે, જેનો ઉપયોગ મુખ્યત્વે ક્રૂઝ મિસાઈલ, લોઈટરિંગ મ્યુનિશન, ટાર્ગેટ ડ્રોન અને હાઈ-સ્પીડ માનવરહિત વિમાનોમાં થઈ શકશે.

ટર્બોજેટ એન્જિન એરોસ્પેસ ક્ષેત્રની સૌથી જટિલ ટેક્નોલોજીમાંનું એક માનવામાં આવે છે. તે હવામાંથી ઓક્સિજન ખેંચીને બળતણ સાથે દહન પ્રક્રિયા દ્વારા સતત થ્રસ્ટ ઉત્પન્ન કરે છે. આ માટે ઉચ્ચ સ્તરની એન્જિનિયરિંગ, વિશેષ ધાતુઓ અને અતિચોકસાઈવાળી ઉત્પાદન પ્રક્રિયાની જરૂર પડે છે.

આ સ્વદેશી વિકાસથી ભારતની વિદેશી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટશે અને ભવિષ્યમાં સંરક્ષણ સાધનોનું ઉત્પાદન વધુ ઝડપથી તથા ઓછી કિંમતમાં શક્ય બનશે. ઉપરાંત, લાંબા અંતરની ક્રૂઝ મિસાઈલ અને હાઈ-સ્પીડ ડ્રોનની કામગીરીમાં પણ નોંધપાત્ર સુધારો થવાની શક્યતા છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ માત્ર એક એન્જિનના વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભવિષ્યમાં વધુ અદ્યતન એરોસ્પેસ એન્જિન અને સ્વદેશી ફાઈટર જેટ એન્જિન ટેક્નોલોજીના વિકાસ માટે પણ મજબૂત પાયો પૂરું પાડશે.

BJP ઉમેદવારને ૧૮૯૫૩ મતોથી હરાવ્યા

# બાંકીપુર પેટા ચૂંટણીમાં ભાજપને મોટો ઝટકો, પ્રશાંત કિશોરે મારી બાજી

**જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોરે ભાજપના ઉમેદવાર નીરજ કુમારને હરાવ્યા હતા : તેમણે પોતાની જીતને લોકોનો વિજય ગણાવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૦૩**

બાંકીપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોરે ચૂંટણી જીતી લીધી છે. તેમણે ભાજપના ઉમેદવાર નીરજ કુમારને ૧૮,૯૫૩ મતોથી હરાવ્યા હતા. તેમણે પોતાની જીતને લોકોનો વિજય ગણાવ્યો હતો. જોકે, જીતના થોડા સમય પહેલા પ્રશાંત કિશોરે પોતાની ભવિષ્યની રણનીતિ જાહેર કરી હતી. ભાજપના ઉમેદવાર નીરજ કુમાર સિંહા બીજા અને આરજેડી ઉમેદવાર રેખા કુમારી ત્રીજા સ્થાને રહ્યા હતા.

તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે બાંકીપુર બેઠક જીતવાથી બાંકીપુર બેંગ્લુરુ નહીં બને. તેના બદલે રાજ્યના વડામાં પરિવર્તનની જરૂર છે. પ્રશાંત કિશોરે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ દ્રઢછ પાસે બિહારના એવા મુખ્યમંત્રીની નિમણૂકની માંગ કરે છે જે રાજ્યના લોકોની ચિંતા કરે અને તેમના વિકાસ માટે કામ કરે.

એ નોંધવું જોઈએ કે પ્રશાંત કિશોરે શરૂઆતથી જ ચૂંટણી પરિણામોમાં લીડ જાળવી રાખી હતી. ૩૧ રાઉન્ડની મતગણતરીમાં તેઓ એક પણ વાર પાછળ રહ્યા નહીં. પીકેનો મુખ્ય મુકાબલો ભાજપના ઉમેદવાર નીરજ કુમાર સાથે હતો. નીરજ કુમારને ભાજપે ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા. નીરજ કુમાર ૩૧ રાઉન્ડની મતગણતરીમાં એક પણ વાર પીકેને હરાવવામાં નિષ્ફળ ગયા.

પ્રશાંત કિશોરે બાંકીપુરની જીત વિસ્તારના લોકોને સમર્પિત કરી. તેમણે તેને લોકોનો વિજય ગણાવ્યો અને કહ્યું કે આગામી બે થી ત્રણ મહિનામાં આ જીતની અસર દેખાશે. તેમણે કહ્યું કે તેઓ આ વિસ્તારના વિકાસ માટે શક્ય તેટલું બધું કરશે. પરંતુ ફક્ત એક બેઠક જીતવાથી બાંકીપુર બેંગ્લુરુ બનશે નહીં આ માટે મુખ્યમંત્રીનો સાથ જરૂરી છે.

બાંકીપુર જીત્યા પછી તેઓ પહેલા શું કરશે તે પૂછવામાં આવતા, પ્રશાંત કિશોરે કહ્યું, "બાંકીપુરને સુધારવા માટે હું મારાથી બનતું બધું કરીશ. તમને થોડા મહિનામાં સુધારો દેખાવા લાગશે. જે લોકોએ મને મત આપ્યો નથી તેમનો પણ હું વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરીશ."

ભાજપના ઉમેદવાર નીરજ કુમારની હાર બાદ ભાજપે પણ પ્રતિક્રિયા આપી છે. રાજ્યમંત્રી વિજય કુમાર સિંહાએ એક નિવેદન બહાર પાડ્યું. તેમણે કહ્યું, "પાર્ટી આ હારની સંપૂર્ણ સમીક્ષા કરશે."

અત્યાર સુધી, પ્રશાંત કિશોર ફક્ત એક સફળ ચૂંટણી વ્યૂહરચનાકાર તરીકે જાણીતા હતા. રાજકીય પક્ષનું નેતૃત્વ કરતી વખતે સીધો જાહેર જનાદેશ મેળવવો તેમની વ્યક્તિગત વિશ્વસનીયતા માટે જરૂરી હતો. જન સુરાજના આ પ્રદર્શને આરજેડી અને ભાજપ સામે એક મજબૂત ત્રીજા વિકલ્પ તરીકે તેની સ્થિતિ મજબૂત કરી છે, જેનાથી આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે જન સુરાજની સંભાવનાઓ વધુ મજબૂત બનશે.

બાંકીપુર વિધાનસભા પેટાચૂંટણીમાં મળેલી લીડથી જન સુરાજ પાર્ટી (JSP)ના કાર્યકરોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે. લીડના સમાચાર આવતાની સાથે જ તેઓએ ઉજવણી શરૂ કરી દીધી, કારણ કે પ્રશાંત કિશોરે અંતે જીત મેળવી હતી. એ.એન. કોલેજના મતગણતરી કેન્દ્રથી લઈને પાર્ટીના કેમ્પ ઓફિસ સુધી દરેક જગ્યાએ ઉજવણીનો માહોલ છવાઈ ગયો છે.

ત્રણ દાયકાથી ભાજપનો અભેદ્ય કિલ્લો ગણાતા બાંકીપુરમાં પ્રશાંત કિશોરની જીત આ પ્રદેશમાં ઐતિહાસિક રાજકીય પરિવર્તન છે. કાર્યકરો માને છે કે આ પરિણામ તેમની મહેનત અને બાંકીપુરના લોકો દ્વારા અપનાવવામાં આવેલા પરિવર્તન માટેના સંકલ્પને આભારી છે.

## દિલ્હીમાં ફરી બોમ્બની ધમકી : શાળાઓ બાદ લાલ કિલ્લા અને મેયર ઓફિસને નિશાન બનાવતો ઈ-મેઈલ, સુરક્ષા વધારાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૩**

દિલ્હીમાં શાળાઓને મળેલી બોમ્બની ધમકીઓ બાદ હવે લાલ કિલ્લા અને દિલ્હી મેયરની ઓફિસને નિશાન બનાવતો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. ઈ-મેઈલ મળતાં જ બંને સ્થળોએ સુરક્ષા કડક બનાવવામાં આવી છે અને પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, ધમકીભર્યા ઈ-મેઈલમાં લાલ કિલ્લો અને મેયર ઓફિસને ઉડાવી દેવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, પ્રાથમિક તપાસમાં અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી આવી નથી અને ધમકીને હાલ ખોટી માનવામાં આવી રહી છે. તેમ છતાં સુરક્ષા પ્રોટોકોલ મુજબ તપાસ ચાલુ રાખવામાં આવી છે.

આ પહેલાં સોમવારે દિલ્હીની અનેક શાળાઓને પણ સમાન પ્રકારના ધમકીભર્યા સંદેશાઓ મળ્યા હતા. જેના પગલે પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ શાળાઓના વર્ગખંડો, શૌચાલયો અને સમગ્ર પરિસરની સઘન તપાસ કરી હતી, પરંતુ કોઈ જોખમી સામગ્રી મળી આવી નહોતી.

પોલીસના જણાવ્યા અનુસાર ધમકી મોકલનાર વ્યક્તિએ ઈ-મેઈલમાં પોતાને એક આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો હોવાનું જણાવ્યું છે. આ દાવાની પણ તપાસ ચાલી રહી છે અને ઈ-મેઈલના સ્ત્રોત સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સ્વતંત્રતા દિવસ નજીક આવતાં રાજધાની દિલ્હીમાં પહેલેથી જ સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, માત્ર સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

સમયસર બચાવ કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

# બિહારના સહરસામાં પેસેન્જર ટ્રેનમાં ભીષણ આગ લાગી

**જોકે રેલવે તંત્ર અને ફાયર વિભાગની ઝડપી કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બિહાર, તા.૦૩**

બિહારના સહરસા જિલ્લામાં આવેલા સિમરી બખ્તિયારપુર રેલવે સ્ટેશન પર સોમવારે વહેલી સવારે પેસેન્જર ટ્રેનમાં ભીષણ આગ લાગતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે રેલવે તંત્ર અને ફાયર વિભાગની ઝડપી કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સમયસર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવતા કોઈ જાનહાનિ થઈ નથી.



માહિતી અનુસાર, સમસ્તીપુર-સહરસા પેસેન્જર ટ્રેન (નંબર ૬૩૩૪૪)માં સવારે અંદાજે ૩:૪૦ વાગ્યે આગ લાગી હતી. આગની શરૂઆત ટ્રેનના એન્જિન અને તેની સાથે જોડાયેલા એક કોચમાં થઈ હતી. આગ ઝડપથી ફેલાતાં સ્ટેશન પર હાજર મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવે અધિકારીઓ અને ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

સહરસા ફાયર સ્ટેશનથી ફોમ ટેન્ડર અને પાણીના ટેન્ડરો મોકલી આગને કાબૂમાં લેવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું.

ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, સમયસર હાથ ધરાયેલી બચાવ કામગીરીના કારણે તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. જોકે આગની ઘટનામાં ટ્રેનનો એક કોચ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. સદનસીબે કોઈ મુસાફર અથવા રેલવે કર્મચારીને ઈજા પહોંચી નથી.

હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી. રેલવે તંત્ર દ્વારા સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ બાદ જ આગ પાછળનું વાસ્તવિક કારણ સામે આવશે અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પાકિસ્તાનમાં હિન્દુઓના અધિકારોના રક્ષણ માટે દેશવ્યાપી અભિયાન શરૂ

**સમાજમાં હિન્દુઓને પણ એક નાગરિક તરીકે સમાન દરજ્જો મળે તે માટે તમામ પ્રકારના સુધારા કરવા પ્રયાસો થઇ રહ્યા છે : દયાલ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૦૩**

પાકિસ્તાનમાં હિન્દુઓને લઘુમતી તરીકે ત્યાંના બંધારણમાં જે અધિકારો આપવામાં આવ્યા છે તેનો અમલ નથી થઇ રહ્યો માટે હવે હિન્દુ સંગઠનોએ આ મુદ્દે સરકાર સામે એક મોટું અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. ખાસ કરીને ખૈબર પ્રાંતમાં રહેતા હિન્દુ સંગઠનો હવે પોતાના અધિકારો માટે રસ્તા પર ઉતરવા જઇ રહ્યા છે.


ઓલ બાલમિક હિન્દુ કોમ્યુનિટી ખૈબરના પ્રમુખ તરીકે પસંદ કરાયેલા હારૂણ સરબ દયાલે કહ્યું હતું કે, અમારુ સંગઠન તમામ હિન્દુ સંગઠનોને એકઠા કરી રહ્યું છે, પાકિસ્તાનમાં હિન્દુઓને તેમના બંધારણીય અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. દસકા જુના અમારા સંગઠન દ્વારા શનિવારે એક બેઠક યોજવામાં આવી હતી જેમાં વિવિધ ગામના સરપંચો, વકીલો, સામાજિક કાર્યકર્તાઓ સહિત અનેક સંગઠનો પણ સામેલ થયા હતા. તમામ લોકોને સંબોધતા દયાલે કહ્યું હતું કે, બાલમિક હિન્દુ સમાજ સહિત તમામ લઘુમતીઓ પાકિસ્તાનમાં અન્યાયનો સામનો કરી રહ્યા છે.

દયાલે કહ્યું હતું કે, સમાજમાં હિન્દુઓને પણ એક નાગરિક તરીકે સમાન દરજ્જો મળે તે માટે તમામ પ્રકારના સુધારા કરવા પ્રયાસો થઇ રહ્યા છે. યુવાનોને મહિલાઓને નેતૃત્વ આપવામાં આવે, હિન્દુઓને બંધારણે મૂળભૂત અધિકારો આપ્યા છે તેનો અમલ કરવા સરકારને વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન દયાલને તિલક લગાવીને સમાજના લોકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનના તમામ નાગરિકોમાં શાંતિ સ્થાપિત કરવાના હેતુથી પ્રાર્થના કરવામાં આવી હતી.




# ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈએ દાવો કર્યો

# એસ્ટ્રા એઆઈએ મેથ્સના સૌથી અઘરા ૧૦ સવાલોને ઉકેલ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)
**કેલિફોર્નિયા, તા.૦૩**

ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈએ દાવો કર્યો છે કે, તેના હજુ સુધી રીલિઝ ન કરાયેલા એઆઈ મોડલ એસ્ટ્રાએ ગણિત અને થિયોરેટિકલ કમ્પ્યુટર સાયન્સના ૧૦ એવા પ્રશ્નોના ઉકેલ આપ્યા છે જે લાંબા સમયથી અટવાયેલા હતા. આ પ્રશ્નો કોડિંગ થિયરી, જયોમેટ્રી, ગ્રુપ થિયરી, ક્રિપ્ટોગ્રાફી, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને ગ્રાફ થિયરીને આવરી લે છે.

ઓપનએઆઈના દાવા મુજબ, એસ્ટ્રાએ હાઈ-ડાયમેન્શનલ સ્પિયર પેકિંગ, બાઈનરી અને સ્ફેરિકલ કોડ્સ, નોન-સોફિક ગ્રુપ્સ, ક્લોઝેસ્ટ વેક્ટર પ્રોબ્લેમ, મલ્ટીકલર રામ્સે નંબર્સ અને અન્ય લાંબા સમયથી ચર્ચામાં રહેલા પ્રશ્નોના જવાબો રજૂ કર્યા છે. તેમાંથી કેટલાક પ્રશ્નો ક્રિપ્ટોગ્રાફી, પોસ્ટ-ક્વોન્ટમ સિક્યોરિટી અને કમ્પ્યુટિંગના મૂળભૂત સિદ્ધાંતો સાથે જોડાયેલા છે. આ પરિણામો મેળવવા માટે જેટલી કમ્પ્યુટિંગ ક્ષમતાઓનો ઉપયોગ થયો તેની અંદાજિત કિંમત ૨૦૦૦ યુએસ ડોલર હતી.

ઉલ્લેખનીય છે કે, એસ્ટ્રા ઓપનએઆઈનું આગામી મુખ્ય એઆઈ મોડલ હશે. કંપનીના દાવા બાદ ગણિતજ્ઞામાં પણ ચર્ચા શરૂ થઈ છે કે, એઆઈ રિસર્ચ માટે સહયોગી બની શકે છે.

# અમેરિકામાં ફરી ગોળીબારની બે ઘટનાઓ : પોર્ટલેન્ડ અને ઇડાહોમાં કુલ ૪નાં મોત, અનેક લોકો ઘાયલ

**પોર્ટલેન્ડમાં એકનું મોત અને પાંચ ઘાયલ, ઇડાહોના ટ્વીન ફોલ્સમાં ત્રણનાં મોત; બંને ઘટનાઓની તપાસ શરૂ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૩**

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની બે અલગ-અલગ ઘટનાઓએ ચિંતા વધારી છે. ઓરેગન રાજ્યના પોર્ટલેન્ડ અને ઈડાહો રાજ્યના ટ્વીન ફોલ્સમાં થયેલા ફાયરિંગમાં કુલ ચાર લોકોના મોત થયા છે, જ્યારે સાત લોકો ઘાયલ થયા હોવાનું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે. બંને ઘટનાઓની તપાસ સંબંધિત પોલીસ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવી છે.

પોર્ટલેન્ડમાં રવિવારે નોર્થઈસ્ટ આલ્બર્ટા સ્ટ્રીટ વિસ્તારમાં ગોળીબારની ઘટના બની હતી. પોલીસને ઘટનાની જાણ મળતાં તાત્કાલિક ટીમ સ્થળ પર પહોંચી હતી. શરૂઆતમાં બે ઘાયલો મળી આવ્યા હતા, પરંતુ બાદમાં અન્ય પાંચ લોકોને પણ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે પાંચ લોકો સારવાર હેઠળ છે.

પોર્ટલેન્ડ પોલીસે જણાવ્યું છે કે ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિ હજુ ફરાર છે અને તેની શોધખોળ ચાલુ છે. હોમિસાઇડ યુનિટ દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે અને ઘટના અંગે માહિતી ધરાવતા લોકોને આગળ આવવા અપીલ કરવામાં આવી છે.

બીજી તરફ, ઈડાહોના ટ્વીન ફોલ્સ શહેરમાં આવેલી એક રેસ્ટોરન્ટમાં થયેલા ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા છે અને બે અન્ય લોકો ઘાયલ થયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, ગોળીબાર સ્થાનિક સમય મુજબ બપોરે શરૂ થયો હતો. ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.હાલ બંને ઘટનાઓ પાછળનો હેતુ સ્પષ્ટ થયો નથી. તપાસ એજન્સીઓ સ્થળ પરથી મળેલા પુરાવા, સાક્ષીઓના નિવેદનો અને અન્ય માહિતીના આધારે તપાસ આગળ વધારી રહી છે. ટ્વીન ફોલ્સ પોલીસ વિભાગે જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા સૂચના આપી છે. સ્થાનિક પોલીસ અને તપાસ એજન્સીઓએ જણાવ્યું છે કે બંને ગોળીબારની ઘટનાઓની અલગ-અલગ તપાસ ચાલી રહી છે. શંકાસ્પદોની ઓળખ, ઘટનાનું કારણ અને અન્ય પરિસ્થિતિઓ અંગે વધુ વિગતો તપાસ પૂર્ણ થયા બાદ જાહેર કરવામાં આવશે.

## સુરક્ષા એજન્સીઓ અને રેડ ક્રેસન્ટ એલર્ટ

# ઈજિપ્તમાં સવારે ભૂકંપના આંચકા રિક્ટર સ્કેલ પર ૫.૪ની તીવ્રતા નોંધાઈ

**સંસ્થાના જણાવ્યા મુજબ, પ્રાથમિક અહેવાલો અનુસાર અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા પાયે આર્થિક નુકસાનના સમાચાર નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈજિપ્ત, તા.૦૩**

ઈજિપ્તના (મિસ્ર) અનેક વિસ્તારોમાં સોમવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂમધ્યસાગર વિસ્તારમાં આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૪ નોંધાઈ હતી. જર્મનીના ભૂ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સમુદ્રની અંદર લગભગ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ભૂકંપ આવ્યા બાદ ઈજિપ્ત રેડ ક્રેસન્ટે તાત્કાલિક ધોરણે અસરગ્રસ્ત પ્રાંતોમાં પોતાની ઈમરજન્સી રિસ્પોન્સ યોજના સક્રિય કરી દીધી છે. સંસ્થાના જણાવ્યા મુજબ, પ્રાથમિક અહેવાલો અનુસાર અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા પાયે આર્થિક નુકસાનના સમાચાર નથી. જોકે, પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રેડ ક્રેસન્ટે નાગરિકોને અપીલ કરી છે કે જે ઈમારતોમાં નુકસાન કે તિરાડોના સંકેત દેખાય તેનાથી દૂર રહેવું. આ ઉપરાંત માત્ર સરકારી એજન્સીઓ અને સત્તાવાર સ્રોતો દ્વારા આપવામાં આવતી માહિતી પર જ વિશ્વાસ કરવા જણાવાયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.


ઈજિપ્તના અધિકારીઓએ ભૂકંપના કેન્દ્ર અંગે સુધારેલી માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ ભૂકંપનું કેન્દ્ર સ્વેઝ શહેરથી લગભગ ૩૮ કિલોમીટર દૂર ભૂમધ્ય સાગરમાં હતું.

તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે, હાલ સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે, પરંતુ સાવચેતીના ભાગરૂપે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.




## રામલીલા મહાસંઘે આપી ચેતવણી

# રણબીર કપૂરની 'રામાયણ' ફિલ્મ રિલીઝ પહેલા વિવાદમાં




**રણબીર કપૂરવાળી રામાયણ ફિલ્મમાં એવા ઘણા સીન છે જે દેશ-વિદેશમાં વસતા હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રણબીર કપૂરના અભિનયવાળી રામાયણ હવે સોશિયલ મીડિયાની સાથે-સાથે દેશભરમાં ચર્ચાનો એક મોટો વિષય બની ચૂકી છે. નવી દિલ્હીની શ્રી રામલીલા મહાસંઘે તેના રિલીઝ થતા પહેલા જ સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. મહાસંઘે દિલ્હીમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં ફિલ્મને લઈને કેટલીક માંગણીઓ મૂકી છે, જેની સાથે-સાથે તેમણે મેકર્સને ચેતવણી પણ આપી છે.

રામાયણ ફિલ્મને લઈને શ્રી રામલીલા મહાસંઘના પ્રમુખની માંગ છે કે ફિલ્મને થિયેટરોમાં રિલીઝ કરતા પહેલા તેને તેમના પ્રતિનિધિ મંડળને બતાવવામાં આવે. તેમણે આ માટે ફિલ્મના મેકર્સ નિતેશ તિવારી અને નમિત મલ્હોત્રાને એક લેટર પણ લખ્યો છે, જેમાં તેમની માંગનો ઉલ્લેખ કર્યો છે. તેઓ આવું એટલા માટે કરવા માંગે છે જેથી ફિલ્મની રિલીઝ પછી કોઈપણ હિન્દુઓની ભાવનાઓને ઠેસ ન પહોંચે.

મહાસંઘના પ્રમુખ નિતેશ તિવારી અને નમિત મલ્હોત્રાને લખેલા લેટરમાં તેમને યાદ અપાવ્યું છે કે આ પહેલા ટી-સિરીઝના માલિક ભૂષણ કુમારની મેગા બજેટ ફિલ્મ 'આદિપુરુષ' આવી હતી, જેમાં પ્રભાસ, સૈફ અલી ખાન જેવા સ્ટાર્સ હતા. તેના પણ ઘણા સિન્સ પર સનાતની અને રામાલીલા મંચન સાથે જોડાયેલા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ સિન્સમાં સોનાની લંકાને કાળી બતાવવી, મહાજ્ઞાની રાવણને મંગોલ લૂંટારાઓ અને તેમની સેનાને રાક્ષસોની સેના જેવા ઘણા સિન્સ હતા. તે ફિલ્મનું પરિણામ એ રહ્યું કે તે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી.

પત્રમાં આગળ જણાવ્યું કે, તેમને મળેલી અધિકૃત માહિતી મુજબ રણબીર કપૂરવાળી રામાયણ ફિલ્મમાં એવા ઘણા સીન છે જે દેશ-વિદેશમાં વસતા હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે. એવામાં શ્રી રામાલીલા મહાસંઘ આ ફિલ્મને રિલીઝ પહેલા એક સ્પેશિયલ શોમાં જોઈને નિશ્ચિત કરવા માંગે છે કે જો ફિલ્મમાં એવો કોઈ વિવાદાસ્પદ સીન અથવા સંવાદ છે તો તેને રિલીઝ કરતા પહેલા હટાવી દેવામાં આવે. તેમણે ફિલ્મના મેકર્સને ચેતવણી આપી છે કે જો આવું નહીં કરવામાં આવે તો દિલ્હી સહિત અન્ય રાજયોના થિયેટરોની બહાર હિન્દુ સંગઠનો સાથે શ્રી રામાલીલા મહાસંઘના હજારોની સંખ્યામાં વિરોધ અને ધરણા પ્રદર્શન કરશે.

# ટીવી અભિનેત્રી અદિતિ શર્માએ પતિ અને સાસરિયા વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'રબ સે હૈ દુઆ', 'અપોલીના - સપનોં કી ઊંચી ઉડાન' અને 'કલીરે' જેવી લોકપ્રિય ટીવી સિરિયલોથી ઓળખ મેળવનારી અભિનેત્રી અદિતિ શર્માએ પોતાના પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ઘરેલુ હિંસા અને માનસિક સતામણીની ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. અદિતિની ફરિયાદના આધારે ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. જોકે, પોલીસ દ્વારા હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે.

ફરિયાદમાં અદિતિએ આરોપ લગાવ્યો છે કે લગ્ન બાદ તેના પતિ તેમજ સાસરિયાના સભ્યોએ તેની સાથે શારીરિક અને માનસિક હેરાનગતિ શરૂ કરી હતી. તેણે મારપીટ, અપશબ્દો બોલવા, તેના ચારિર્ત્ય પર શંકા વ્યક્ત કરવા અને લગ્નના દાગીનાનો ગેરઉપયોગ કરવાનો પ્રયાસ કર્યાનો પણ આરોપ લગાવ્યો છે. પોલીસે જણાવ્યું કે, ફરિયાદમાં દર્શાવાયેલા તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં અદિતિએ જણાવ્યું કે, જૂન ૨૦૨૧માં એક ઓનલાઈન એક્ટિંગ ક્લાસ દરમિયાન તેની ઓળખ અભિનીત સાથે થઈ હતી. બંને વચ્ચેની મિત્રતા બાદમાં પ્રેમસંબંધમાં પરિણમી હતી. બંને પરિવારોની સંમતિથી ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તેઓએ લગ્ન કર્યા હતા. લગ્ન પહેલાં જ સપ્ટેમ્બર, ૨૦૨૪થી બંને ગોરેગાંવ પશ્ચિમમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં સાથે 'લિવ ઈન'માં રહેતા હતા.

# નીટની પરીક્ષા ફરી આપવા મેં ગમતી બધી ચીજોનું બલિદાન આપેલું : માનુષી

**વર્ષ ૨૦૧૫ની નીટ પરીક્ષાની તૈયારીઓ મારા જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો બની રહ્યો : માનુષી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

નીટ પરીક્ષાના પેપરલીકના મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધાં બાદ ૨૦૧૭ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે પોતાના નીટ પરીક્ષાના અનુભવો સોહા અલી ખાન સમક્ષ તેના પોડકાસ્ટ દરમ્યાન વ્યક્ત કર્યા હતા.

માનુષીએ જણાવ્યું હતું કે, સૌંદર્ય સ્પર્ધામાં પ્રવેશી તે અગાઉ હું મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગતી હતી. મને જ્યારે આ પરીક્ષા ફરી આપવા જણાવવામાં આવ્યું ત્યારે તેના બે પાસાં હતા. એક મારો અંગત અનુભવ અને બીજું પાસું એ સમજવું કે દેશમાં મોટાભાગના સ્ટુડન્ટ્સની વાસ્તવિકતા સમજવી. મારા માતાપિતા વર્ષો અગાઉ આ જ અવસ્થામાંથી પસાર થઇ ચૂક્યા હોઇ હું આ પ્રક્રિયા માટે માનસિક રીતે તૈયાર હતી. પણ તેને માટે મારે મને ગમતી તમામ ચીજોનું બલિદાન આપવું પડયુ હોઇ તે મારે માટે ખૂબ મુશ્કેલ બની રહી હતી. મારે આ પરીક્ષા ખાતર મારા કુચીપુડી ડાન્સ અને પેઇન્ટિંગના શોખને એક વર્ષ માટે બાજુ પર મુકી દેવા પડયા હતા. માનુષીએ જણાવ્યું હતું કે, જ્યારે તમે મહિનાઓ સુધી તૈયારીઓ કર્યા બાદ પરીક્ષા આપો અને એ પછી તમને કહેવામાં આવે કે બીજા ૪૫ દિવસ તમારે હજી તૈયારી કરવાની છે ત્યારે તમને નવાઇ લાગે કે હજી મારે કેટલો ભોગ આપવાનો છે. પણ મારા પરિવારનો મને જબરજસ્ત ટેકો હતો અને મારા માતાપિતાએ એક કલાક કસરત કરવાની ટેવ પાડેલી હતી એટલે હું પરીક્ષાની બહાર પણ લોકો સાથે સંકળાયેલી રહી શકી હતી. મારા બીજા ઘણાં સાથીઓ પાસે આ લક્ઝરી નહોતી.

હરિયાણામાં જન્મેલી માનુષીએ ૨૦૨૨મા સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મમાં સંયોગિતાની ભૂમિકા ભજવી હિન્દી ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તાજેતરમાં તે તહેરાન નામની એક્શન થ્રીલર ફિલ્મમાં દેખાઇ હતી.

## ફિલ્મમાં સુરભી દાસ સીતાની બહેનના રોલમાં જોવા મળશે

# 'રામાયણ'માં સીતાની બહેનના પાત્ર એ બધાનું ધ્યાન ખેંચ્યું!

**ફિલ્મ સુધી પહોંચવા માટે કાસ્ટિંગ ડાયરેક્ટર મુકશે છાબડા પાસે ઓડિશન આપ્યું : સુરભી દાસ**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફિલ્મ નિર્માતા નિતેશ તિવારીની આવનારી ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થતાની સાથે જ ચર્ચામાં છે. કોઈ એના પાત્ર રાવણની વાત કરે છે તો કોઈ VFXની. પણ આ ફિલ્મમાં એક એવી પણ એક્ટ્રેસ છે જે પહેલીવાર ફિલ્મલાઈનમાં એન્ટ્રી કરી રહી છે. જે સ્ટોરીનો મહત્ત્વનો ભાગ બની રહેશે.

ટેલિવિઝન ક્ષેત્રે કરિયર બનાવવા માટે નોર્થ ઈસ્ટથી ડાયરેક્ટ મુંબઈ આવેલી સુરભી દાસ નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે સીતાની બહેનના રોલમાં જોવા મળશે. એક ખાસ મુલાકાતમાં તેણે પોતાના કેરિયર અંગેના કેટલાક પાસા પર દિલ ખોલીને વાત કરી છે.



સુરભીએ જણાવ્યું હતું કે, ફિલ્મ સુધી પહોંચવા માટે કાસ્ટિંગ ડાયરેક્ટર મુકેશ છાબડા પાસે ઓડિશન આપ્યું. પણ વાત નક્કી થતા બે મહિનાનો સમય પસાર થઈ ગયો હતો. એ સમયે હું પાંડ્યા બ્રર્ધસનું શુટિંગ કરી ચૂકી હતી. હું મુકેશ છાબડા પાસે ગઈ અને ઓડિશન આપ્યું. બે મહિના પછી મને કોલ આવ્યો અને સિલેક્શન થયું. એ પછી લૂક ટેસ્ટ અને કોસ્ચ્યુમ પર ટ્રાયલ થયો. પણ મને તો વિશ્વાસ થતો ન હતો કે, ખરેખર મારે આ દિગ્ગજ કલાકારો સાથે કામ કરવાનું છે. સ્ક્રિન શૅર કરવાની છે. આ એક અદભૂત અહેસાસ છે અને હું પ્રભુનો આભાર વ્યક્ત કરૂ છું.

ટેલિવિઝન ક્ષેત્રે કામ કર્યા બાદ એક્ટ્રેસે સ્પષ્ટ કર્યું કે, કોઈ નિરાશાને કારણે આવી નથી પણ એક્ટ્રેસ તરીકે આગળ વધવાની ઈચ્છા સાથે તે કામ કરી રહી હતી. એક્ટ્રેસે ઉમેર્યું કે, હું આને કોઈ રીતે સંઘર્ષ નહીં કહુ આ તો બસ એક પ્રક્રિયા છે. હું કોઈ ફિલ્મ પરિવારમાંથી આવી નથી કે કોઈ એક ફોન કોલ કરીને કામ અપાવી શકે. ઑપન ઓડિશન આપવાના હોય અને સતત ઓડિશન આપતા રહેવું પડે. જ્યાં સુધી તમારા પ્રોજેક્ટ રિલીઝ થતા નથી તમારે કાસ્ટિંગ ડાયરેક્ટરના સતત સંપર્કમાં રહેવું પડે છે. તે શ્રુતકીર્તિનું પાત્ર ભજવી રહી છે. તેણીએ કહ્યું, હું ઊર્મિલાની ભૂમિકા ભજવી રહી નથી. હું શ્રુતકીર્તિનું પાત્ર ભજવી રહી છું, જે સીતાની સૌથી નાની બહેન અને શત્રુઘ્નની પત્ની છે. હું 'રામાયણ' નો ભાગ બનવા બદલ ખૂબ જ આભારી છું, ભલે તે એક નાનો રોલ હોય. જ્યારે મને ફોન આવ્યો, ત્યારે હું વિચારતી રહી કે શું મને ફક્ત શોર્ટલિસ્ટ કરવામાં આવી છે કે ખરેખર ફિલ્મ માટે પસંદ કરવામાં આવી છે. મને વિશ્વાસ જ નહોતો આવતો. આટલી મોટી સ્ટારકાસ્ટવાળી ફિલ્મનો ભાગ બનવું અને આટલા મોટા પાયે બનવું એ એક સ્વપ્ન જેવું લાગ્યું. તકો તેને મળતી રહી. આ વિશે બોલતા, તેણીએ કહ્યું, જ્યારે હું આસામથી આવી ત્યારે હું પહેલેથી જ 'નીમા ડેન્ઝોંગપા' પર કામ કરી રહી હતી. તે પછી, મેં 'પંડ્યા સ્ટોર' કર્યું. પછી, મેં ટેલિવિઝનથી દૂર રહેવાનું નક્કી કર્યું. મેં 'રામાયણ' પર કામ કર્યું, અને હવે મારી પાસે વધુ બે ફિલ્મો પાઈપલાઈનમાં છે. હું એટલી નસીબદાર છું કે મને લાંબા સમય સુધી કામ વગર બેસવું પડ્યું નથી. ૧૯૭૧ ના યુદ્ધ પર આધારિત ફિલ્મમાં દેખાવાની તૈયારીમાં છે. તેણીના આગામી પ્રોજેક્ટ્સમાં વિકાસ બહલની 'દિલ કા દરવાજા ખોલના ડાર્લિંગ' પણ શામેલ છે.

# સરીગામ જેવા પ્રદૂષણ ઓકતા એકમો ધરાવતા વિસ્તારોમાં પ્રદૂષણ વધવાની ભિતી

**જીપીસીબીનો મોટો નિર્ણયઃ સીસીએ રિન્યુઅલ પ્રક્રિયા રદ્દ, હવે માત્ર એક્સ્ટેન્શન ફી ભરાશે જેથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના નામે કાયદાભંગ કરતી કંપનીઓને છૂટો દોર મળવાની શક્યતા, રિન્યુઅલ બંધ થતાં સ્થળ તપાસ ઘટશે અને સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ખતરો ઊભો થશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૩**

ગુજરાતમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' સુગમ બનાવવાના હેતુથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એક મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલય (MoEF&CC) ની નવી માર્ગદર્શિકા મુજબ GPCB એ કન્સોલિડેટેડ કન્સેન્ટ એન્ડ ઓથોરાઈઝેશન (CCA) ની પરંપરાગત રિન્યુઅલ પ્રક્રિયાને તુરંત અસરથી નાબૂદ કરી દીધી છે. હવેથી ઉદ્યોગોએ લાંબી અરજી કરવાના બદલે માત્ર ઓનલાઈન XGN પોર્ટલ મારફતે 'CCA એક્સ્ટેન્શન ફી' ચૂકવવાની રહેશે.

જીપીસીબીના આ નિર્ણયથી ઉદ્યોગપતિઓને મોટો ફાયદો થશે, પરંતુ બીજી તરફ સરીગામ જીઆઈડીસી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં રહેતા સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પહેલાથી જ કેટલીક કંપનીઓ પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું પાલન કરવામાં ઘોર લાપરવાહી દાખવી રહી છે. રિન્યુઅલ પ્રક્રિયા બંધ થવાથી અધિકારીઓનું ભૌતિક ઈન્સ્પેક્શન (સ્થળ તપાસ) ઘટી જશે, જેનો ગેરલાભ ઉઠાવીને ઝેરી ગેસ કે કેમિકલયુક્ત પાણી છોડતા એકમોને વધુ છૂટો દોર મળી જશે.

# ચીખલી તાલુકા ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ પદ માટે યોજાયેલ ચૂંટણીમાં અશ્વિનભાઈ પટેલનો ૪૮૯ જંગી મતોથી ભવ્ય વિજયઃ શિક્ષક આલમમાં ખુશીનો માહોલ

**સહકાર પેનલના વિજયભાઈનો શિક્ષકોએ સહકાર ન આપતા કારમો પરાજય થયો**



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૩**

ચીખલી તાલુકા ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ પદ માટે યોજાયેલ ચૂંટણીમાં શ્રી અશ્વિનભાઈ પટેલનો ૪૮૯ જંગી મતોથી ભવ્ય વિજય થતાં શિક્ષક આલમમાં ખુશીનો માહોલ ફેલાયો હતો. સહકાર પેનલના શ્રી વિજયભાઈનો શિક્ષકોએ સહકાર ન આપતા કારમો પરાજય થયો હતો.

ધી ચીખલી તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડના પ્રમુખની ચૂંટણી રવિવારના રોજ વિદ્યાકુંજ પ્રાથમિક શાળા સમરોલી ખાતે યોજાતા ચીખલી અને ખેરગામ તાલુકાના ૯૪૨ શિક્ષકો પૈકી ૮૨૪ શિક્ષકોએ મતદાન કર્યું હતું. જેમાં એક મત રદ થયો હતો. મતગણતરીના અંતે ચીખલીના બી.આર.સી શ્રી અશ્વિનભાઈ પટેલના ૪૮૯ જંગી મતોથી વિજય થયો હતો. જ્યારે સહકાર પેનલના વિજયભાઈને શિક્ષકોએ સહકાર ન આપતા માત્ર ૧૬૭ જેટલા જ મતો મળતા કારમો પરાજય થયો હતો.

બીઆરસી શ્રી અશ્વિનભાઈ પટેલનો ૪૮૯ જંગી મતોથી વિજય થતા તેમના સમર્થકો, શિક્ષકો આનંદમાં આવી ઝૂમી ઉઠ્યા હતા અને બીઆરસી શ્રી અશ્વિનભાઈ પટેલને પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમના વિજયને વધાવી લેવામાં આવ્યા હતા. અને ત્યારબાદ યોજાયેલ સાધારણ સભામાં મંત્રી તરીકે રૂમલા કોળીવાડ પ્રાથમિક શાળાના શ્રી પીન્ટેશભાઈ પટેલની કારોબારી સભ્યો દ્વારા વરણી કરવામાં આવી હતી.

ધી ચીખલી તાલુકા ટીચર્સ કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાં ચીખલી અને ખેરગામ તાલુકાના ૯૪૨ શિક્ષક સભાસદો છે. અને જેનું વાર્ષિક ટર્ન ઓવર ચોવીસ કરોડથી વધુનું છે આ સંસ્થાની આગામી પાંચ વર્ષ ૨૦૨૬થી ૨૦૩૧ સુધીના સમયગાળા માટે ચૂંટણી યોજાઈ હતી.

ઉપરોક્ત મંડળીની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે ખેરગામ તાલુકાની નાંધઈ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી જીતુભાઈ પટેલ અને સભ્ય તરીકે શ્રી ચેતનભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પરમાર અને શ્રી સંજયભાઈ પટેલે ફરજ બજાવી હતી.

# ભીલાડ તળાવપાડા શાળા અને પૂરગ્રસ્ત વિસ્તારમાં વીએચપી અને બજરંગ દળે રાહત સામગ્રી વિતરણ કરી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૩**

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ વલસાડ જિલ્લા દ્વારા ભીલાડ તળાવપાડા પ્રાથમિક શાળા, નવીનગરી ખાતે પૂરગ્રસ્ત પરિવારોને રાહતરૂપે તાડપત્રી, ધાબળા તેમજ નોટબુક પેન્સિલ સંચાલ રબર સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ, વલસાડ જિલ્લા ઉપપ્રમુખશ્રી અંકિતભાઈ શાહ, ઉમરગામ પ્રખંડ સહમંત્રીશ્રી હિતેશભાઈ પૂનમિયા, હિંસા નિવારણ સંઘના ઉપપ્રમુખશ્રી કૈલાશભાઈ શાહ, ભીલાડના પૂર્વ ડેપ્યુટી સરપંચ શ્રી રાજેશભાઈ નાવી તેમજ ભીલાડ પંચાયતના સભ્યશ્રી કપિલભાઈ જાદવ ઉપસ્થિત રહી પૂરગ્રસ્ત પરિવારોને સહાય પહોંચાડી હતી. ખાસ કરીને જેમના કાચા મકાનોને ભારે નુકસાન થયું હતું તેવા પરિવારોને વિશેષ પ્રાથમિકતા સાથે તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું. જેથી તેઓને તાત્કાલિક આશ્રય મળી રહે. રાહત સામગ્રી પ્રાપ્ત કરતાં અનેક માતા બહેનો ભાવુક બની ગયા હતા અને તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા. તેમણે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળના તમામ કાર્યકર પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર સેવા કાર્યનો મુખ્ય હેતુ પૂરગ્રસ્ત પરિવારોને મુશ્કેલીની આ ઘડીમાં સહાય અને માનવીય સંવેદનાનો સહારો પૂરો પાડવાનો હતો.

## વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ અને પૂરથી નુકસાનગ્રસ્ત

# આંબાવાડીના પુનઃસ્થાપન અને આંબાના ઝાડને પુનઃજીવિત કરવા જિલ્લાના ખેડૂતોને તાલીમ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૩**

જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી - વલસાડ દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ફ્લોરીકલ્ચર એંડ મેંગો, ચણવઈ ખાતે વલસાડ જિલ્લાના ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ તાલીમ યોજાઈ હતી. જેનો મુખ્ય આશય ખેડૂતોને આંબાવાડીઓને વૈજ્ઞાનિક પદ્ધતિએ પુનઃ સ્થાપન હતો.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં તા.૨૨/૦૭/૨૦૨૬ અને તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ થયેલ અતિ ભારે વરસાદને કારણે પુરની સ્થિતિ ઉભી થઇ હતી, જેના કારણે જિલ્લાની નદીઓ, કોતર અને ખાડી વિસ્તારમાં આવેલ ખેડૂતોની આંબાવાડીઓને નુકસાન થયું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરગ ચપલોતે તાલીમમાં જણાવ્યું હતું કે, કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને થયેલા નુકસાનની પ્રત્યક્ષ પરિસ્થિતિ જોઈ હતી અને તુરંત જ ખેડૂતોને મદદ પહોંચાડવા સૂચના આપી હતી. તેમના માર્ગદર્શનમાં આ પ્રત્યક્ષ તાલીમનું ત્વરિત આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ દ્વારા ખેડૂતો પણ એકબીજાને સહભાગી થઈ આંબાવાડી અને આંબા કલમોને ઉગારી શકશે. ખેડૂતોને બનતી સહાય કરવા રાજ્ય સરકાર તમામ પ્રયત્નો કરી રહી છે.

આ તાલીમમાં વલસાડ જિલ્લાના ૧૨૦ થી વધુ ખેડૂતોએ ઉપસ્થિત રહ્યા હતા. તજજ્ઞ તરીકે કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયા ખાતેથી ડૉ. ચિરાગ આર. પટેલ, ડૉ. નિરવ ગજરે અને ડૉ. આશિષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નુકસાન પામેલા આંબાના ઝાડની માવજત કરવા, રોગ-જીવાત નિયંત્રણ અને વૈજ્ઞાનિક ઢબે બગીચાને ફરીથી કઈ રીતે નવપલ્લવિત કરવો તે અંગે ખેડૂતોને વિસ્તૃત અને પ્રત્યક્ષ તાલીમ પૂરી પાડી હતી.

તાલીમમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ બાગાયત નિયામકશ્રી, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા) તેમજ બાગાયત અને ખેતી વિભાગના તમામ કર્મચારી અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બાગાયત ખાતાની નર્સરી અને સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ઉત્પાદિત પ્લાન્ટિંગ મટિરિયલ્સમાં એટ સોર્સ સહાય યોજના અંતર્ગત જે ખેડૂતો નુકસાનગ્રસ્ત વિસ્તારમાં નવી કલમો વાવેતર કરવા માંગતા હતા તેમને સહાયનો લાભ આપી આંબા કલમો પુરી પાડવામાં આવી છે.

તેમજ વહિવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને વધુ માર્ગદર્શન મળે તે માટે કર્મચારી/અધિકારીશ્રીઓ તથા કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ બનાવવામાં આવી છે જે અસરગ્રસ્ત ખેડૂતોની આંબાવાડીની મુલાકાત લઈ માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## સુરતમાં યોજાયેલી "ડૉક્ટરપ્રેન્યોર ૨૦૨૬" કોન્ફરન્સને અભૂતપૂર્વ સફળતા

# ડૉક્ટરો માટે ઉદ્યોગસાહસિકતા મહત્વપૂર્ણ છેઃ કોન્ફરન્સના ચેરમેન ડૉ.એમ. એમ. કુરેશી

**ડૉક્ટરપ્રેન્યોર કોન્ફરન્સને અભૂતપૂર્વ સફળતાઃ ૩૦૦થી વધુ ડેલિગેટ્સ અને દેશના અગ્રણી ફેકલ્ટીની ઉપસ્થિતિ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૩**

સુરતમાં યોજાયેલી "ડૉક્ટરપ્રેન્યોર ૨૦૨૬" કોન્ફરન્સને અભૂતપૂર્વ સફળતા મળી હતી. આ અનોખા કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત વિવિધ રાજ્યોમાંથી આશરે ૩૦૦ જેટલા ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઓડિટોરિયમ ખચાખચ ભરાયેલું રહ્યું અને તમામ ડેલિગેટ્સે શરૂઆતથી અંત સુધી સતત છ કલાક સુધી ચાલેલા વિચારમંથનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કોન્ફરન્સમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા ફેકલ્ટી સભ્યો - ડૉ.પરવીન ભાટિયા, ડૉ.આદર્શ ચૌધરી, ડૉ.રોય પટણકર, ડૉ.શૈલેષ પુન્ટામ્બેકર, ડૉ.રાજ નાગરકર, ડૉ.ભીખુભાઈ પટેલ, શ્રી રાજેશ યાદવ તથા ઓનલાઈન ફેકલ્ટી તરીકે ડૉ.પ્રવીણ રાજ - એ ડૉક્ટરો કેવી રીતે સફળ ઉદ્યોગસાહસિક (Entrepreneur) બની શકે, તે માટે જરૂરી દૃષ્ટિકોણ, તકો, પડકારો, જોખમો અને તેના ઉકેલો અંગે અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

કોન્ફરન્સના ચેરમેન ડૉ.એમ. એમ. કુરેશીએ જણાવ્યું હતું કે, "ઓડિટોરિયમમાં ડેલિગેટ્સની સો ટકા હાજરી અને સતત છ કલાક સુધી એકાગ્રતાપૂર્વક થયેલો વિચારવિનિમય એ સ્પષ્ટ દર્શાવે છે કે ડૉકટરો માટે ઉદ્યોગસાહસિકતા વિષયની જરૂરિયાત આજે એટલી જ મહત્વપૂર્ણ બની ગઈ છે જેટલી આધુનિક મેડિકલ ટેક્નોલોજીની છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, આજના સમયમાં કોર્પોરેટ આરોગ્ય ક્ષેત્રમાં નફાકીય આંકડાઓને વધુ મહત્વ આપવામાં આવે છે અને ઘણી વખત ડૉક્ટરોને માત્ર એક સાધન તરીકે જોવામાં આવે છે. જ્યારે ડૉક્ટર પોતે સફળ ઉદ્યોગસાહસિક બને છે ત્યારે તેનું કેન્દ્રબિંદુ દર્દીઓના આરોગ્યમાં ગુણવત્તાસભર સુધારો લાવવાનું હોય છે, માત્ર નફો કમાવવાનું નહીં. આ જ સંદેશ સમગ્ર કોન્ફરન્સનો મુખ્ય આધાર રહ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.કેયુર ભટ્ટ, ડૉ.વિક્રમ લોટવાલા, ડૉ.ધવલ માંગુકિયા, ડૉ.તેજસ પટેલ, શ્રી ધર્મેન્દ્ર ધનાણી, ડૉ.રામ રક્ષપાલ, ડૉ.મનીષ મહેતા, ડૉ.જીતેન્દ્ર નવડિયા સહિત સમગ્ર આયોજન ટીમે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન ડૉ.કેયુર ભટ્ટએ કર્યું હતું, જ્યારે આભારવિધિ ડૉ.વિક્રમ લોટવાલાએ વ્યક્ત કરી હતી.

અંતમાં ડૉ.કુરેશીએ આશા વ્યક્ત કરી હતી કે ડૉક્ટરપ્રેન્યોર જેવી પ્રેરણાદાયી કોન્ફરન્સો દેશના તમામ રાજ્યોમાં યોજાય, જેથી વધુને વધુ ડૉક્ટરો સફળ ઉદ્યોગસાહસિક બની આરોગ્યસેવાને વધુ સશક્ત અને દર્દી કેન્દ્રિત બનાવી શકે.

# વલસાડમાં અજાણ્યા ૩૧ વર્ષીય યુવકને ખેંચ આવતા સિવિલમાં સારવાર દરમિયાન મોતને ભેટ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૩**



વલસાડના ટાવર પાસે તા.૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૪-૦૦ કલાકે એક અજાણ્યા ૩૧ વર્ષીય યુવકને ખેંચ આવતા સારવાર અર્થે ૧૦૮ મારફત કસ્તુરબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સાંજે ૭-૧૦ કલાકે સારવાર દરમિયાન અજાણ્યા યુવકનું મોત નિપજ્યું હતું. જેના વાલી વારસોના કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતકે શરીરે શર્ટ પહેર્યો ન હતો. કમરે કાળા કલરનું પેન્ટ પહેર્યુ હતું. છાતી પર "મા" નામનું ટેટુ દોરાવ્યું હતું. જે શરીરે ગોળ ચહેરો, ઘઉંવર્ણ, પાતળો બાંધો અને પાંચ ફૂટ સાત ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસોની ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ મથકે ફોન નં. ૦૨૬૩૨-૨૪૨૨૩૩ અથવા તો મો.નં. ૯૯૨૪૧ ૯૨૯૯૮ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# મોગલો દ્વારા અપમાનિત તીર્થસ્થાનોને નરેન્દ્રભાઈ મોદીએ સન્માનિત કર્યા છે : કથાકાર પ્રફુલભાઈ શુક્લ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૩**



નવસારી જિલ્લાના નેશનલ હાઈવે ૪૮ પર એંધલ ગામે પર્વત પર બિરાજેલા ચંડીકામાતા મંદિરે આજે કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લએ ધજા ચડાવીને પૂજા આરતી કરી હતી. પૂજારી શ્રી ઠાકોરભાઈ રાવલ, શ્રી બિપીનભાઈ પટેલ અને શ્રી બચુભાઈ પટેલ ભેરવી સહભાગી બન્યા હતા.

હિન્દુ તીર્થ સ્થાનાને સન્માનિત કરવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને કથાકાર પ્રફુલભાઈ શુક્લએ ધન્યવાદ આપીને આભાર વ્યક્ત કર્યો હતો. નવસારી જિલ્લાના સમગ્ર પંથકનું આસ્થા કેન્દ્ર ચંડીકામાતાને સર્વની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.શ્રી પ્રતિકભાઈ પટેલ આછવણીએ મીડિયા સેવા આપી હતી. અંતમાં મદિરના શિખર પર ધજા લેહરાવીને 'ચંડીકા માતા'નો જય જયકાર કરવામાં આવ્યો હતો.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM HARSHIT SINH CHAUHAN TO **CHAUHAN HARSHITSINH RAJENDRASINH** AS PER DOCUMENT ADDRESS : MORI FALIYA, NAROLI-396235

**CHANGE OF NAME**

I, Ritu Khare D/O Rajendra Prasad Khare residing at H -706 Pramukh Gardens Amli Silvassa Dadra and Nagar Haveli-396230 have change my name to RITU VIRENDRA SHRIVASTAVA, hereafter i shall be known as **RITU VIRENDRA SHRIVASTAVA**

**CHANGE OF NAME**

I, Virendra Kumar Shrivastava S/O GoriShanker Shrivastava residing at H-706 Pramukh Gardens Amli Silvassa Dadra & Nagar Haveli -396230 have change my name to VIRENDRA SHRIVASTAVA, hereafter I shall be known as **VIRENDRA SHRIVASTAVA**

**CHANGE OF NAME**

I the Undersingned **Jinal Parsottambhai Patel,** Residing at:- H No 202 Kevdi Falia Dabhel Daman & Diu-396210. do hereby notify for the information of the general public that my minor Daughter name has been changed from, **Saachi Jinalbhai Patel** To **Swani Jinalbhai Patel** vide Affidvit date 22/06/2026 befor notary Vapi - Gujarat Henceforthy, my minor Daughter shall be Known, called, and indentified by his new name Swani Jinalbhai Patel for all purposes.
Dt. 04/08/2026
Place :- Vapi

**CHANGE OF NAME**

I have changed my name from Solanki Shalinikumari Bharatsinh (old name) to Shalini Solanki (new name). I will be known by my new name Shalini Solanki as per my documents.

**CHANGE OF NAME**

I have changed my name from (old name) Vikas Gupta / Gupta Vikas Bachchaiprasad to (new name) Vikas Bachai Gupta. I will be known as Vikas Bachai Gupta as per my documents.


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મુ.પો.આલીપોર, ને.હા.નં.48, તા.ચીખલી, જિ.નવસારી

## શ્રદ્ધાંજલિ સભા



## સદ્‌ગત નરેન્દ્ર બી. વશી

પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર, વસુધારા ડેરી, આલીપોર, જિ.નવસારી

જન્મ તા.08-01-1948 | નિધન તા.29-07-2026

**શ્રમ, સાદગી, સેવા અને શ્વેતક્રાંતિની પ્રેરણા મૂર્તિ**

"વસુધારા" વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના સ્થાપક - વિકાસ અને સ્થિરતાના પ્રણેતા શ્રી નરેન્દ્ર બી. વશી (નિવૃત) નું તા.29-07-2026 ના રોજ નિધન થયું છે. દુખ:દ ઘટના છે. વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના કૃષિ જગતમાં શ્વેતક્રાંતિના મશાલચી રહ્યા. **ગુજરાત રાજયમાં ડેરી ઉદ્યોગની સુગંધ સહકારી ક્ષેત્રમાં પ્રસરાવી આ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત પુરસ્કાર "ડૉ. વર્ગીસ કુરિયન"થી વિભુષિત થઈ આપણા પંથકને સમગ્ર રાજયમાં મહેકતો કર્યો.** આપણી વસુધારા ડેરી અને એમના પરિવારના શ્રદ્ધાસુમન અર્પિત કરવા જાહેર સભાનું આયોજન થયું છે.

**તા.05-08-2026 સમય : બપોરે 01.00 કલાકે**

**સ્થળ : દિનકર ભવન, મજીગામ, તા.ચીખલી, જિ.નવસારી**

:: શોકાતુર ::

| | | |
|---|---|---|
| શ્રી રાજેશકુમાર ભીખુભાઈ પટેલ - ચેરમેનશ્રી | શ્રીમતી સીતાબેન દિલીપભાઈ જાદવ - વા.ચેરમેનશ્રી | શ્રીમતી કલ્પનાબેન પ્રદિપભાઈ ભીંસરા - ડિરેક્ટરશ્રી |
| શ્રી ગમનભાઈ ફીકાભાઈ પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રી કિશોરકુમાર હરિભાઈ પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રીમતી સાધનાબેન ભરતભાઈ પટેલ - ડિરેક્ટરશ્રી |
| શ્રી પ્રમોદકુમાર મોરારજી પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રીમતી સુધાબેન સુરેશભાઈ પટેલ - ડિરેક્ટરશ્રી | શ્રીમતી રમીલાબેન હરેશભાઈ ખાંડવી - ડિરેક્ટરશ્રી |
| શ્રી બાપુભાઈ ભાયલભાઈ ઠાકર્યા - ડિરેક્ટરશ્રી | શ્રીમતી લીલાબેન અમ્રતભાઈ ગાંવિત - ડિરેક્ટરશ્રી | શ્રીમતી કમીબેન અમદભાઈ દેશમુખ - ડિરેક્ટરશ્રી |
| શ્રી જશવંતસિંહ ગોમાનસિંહ ઠાકોર - ડિરેક્ટરશ્રી | શ્રીમતી ભારતીબેન બિસ્તુભાઈ માહલા - ડિરેક્ટરશ્રી | શ્રી વિજય એન. કાપડિઆ - ઈ. મેનેજિંગ ડિરેક્ટર |

ઉર્મિ વશી (પુત્રી) | રેખાબેન વશી (ધર્મપત્નિ)

કારોબારી મંડળના પૂર્વ સભ્યશ્રીઓ, સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓના હોદ્દેદારોશ્રીઓ, સભ્યશ્રીઓ, કર્મચારીઓ, માનવંતા ગ્રાહકો, વિક્રેતાઓ, કોન્ટ્રાકટરો તેમજ સપ્લાયરોમાં દુ:ખની લાગણી છે.